**આજનો સુવિચાર**

એક સારો વિચાર અનેક ખોટા વિચારને દૂર કરી શકે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૭ જૂનાગઢ તા.૧૦-૧૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 307, Junagadh : Date : 10 December, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# સમગ્ર રાજયમાં કાતિલ શીતલહેર : નલીયામાં ૬.૪ ડીગ્રી

રાજકોટ, તા.૧૦

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડી જામવા લાગી છે. આજે પણ કચ્છથી માંડી રાજકોટ સુધી ઠંડીનું મોજુ ફરી વળ્યું હોય તેવો અનુભવ લોકોએ કર્યો છે. ગઈકાલે નલિયામાં તાપમાન ગગડીને ૭.૬ ડિગ્રી નોંધાયું હતું. જે આજે વધુ નીચે ઉતરીને ૬.૪ ડિગ્રી થતા કચ્છમાં લોકો ધ્રુજી ઉઠયા હતા. રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર સહિતના શહેરોમાં ઠંડીનું મોજુ દેખાયું છે. રાજકોટમાં આજે ન્યુનતમ તાપમાન ૧૧.૩, અમરેલીમાં ૧૩, ભાવનગરમાં ૧૪.૭, પોરબંદરમાં ૧૪.૫ ડિગ્રી તાપમાન હતું. અમદાવાદમાં ૧૩.૭, વડોદરા ૧૦.૨, ડિસા ૧૦.૩, દ્વારકા ૧૫.૬, ઓખા ૨૦.૫, વેરાવળ ૧૫.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં ડિગ્રીની દ્રષ્ટિએ તાપમાનમાં કોઈ ફેરફાર થયો ન હોવા છતા પવનની ગતિ ડબલ થવાને કારણે લોકો થથરી ઉઠયા હતા. જામનગરમાં ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી રહ્યું હતું જેની સામે આજનું લઘુત્તમ તાપમાન ૧૪.૪ ડિગ્રી નોંધાયું હતું. મહત્તમ તાપમાન અઢી ડિગ્રીના ઘટાડા સાથે આજે ૨૬ ડિગ્રી ઉપર રહ્યું હતું. જયારે હવામાં ભેજનું પ્રમાણ ૪ ટકાના ઘટાડા સાથે ૪૮ ટકા જેટલું નોંધાયું હતું.

આજે મંગળવારે ભાવનગરમાં લઘુતમ તાપમાન ૧૪.૭ ડિગ્રી નોંધાયું હતું. ઠંડો પવન હોય નગરજનોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. ઠંડીથી રક્ષણ મેળવવા લોકોએ ગરમ કપડાનો સહારો લીધો હતો.

અમરેલી શહેર ઉપરાંત જિલ્લામાં શિયાળાનો રંગ જામતો જાય છે. ઓ હજે માગશર મહીનામાં દિનપ્રતિદિન ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. આજે સવારથી જ સવારનાં સમયે ઠંડા પવન શરૂ થતાં સૌને ધ્રુજાવ્યા બાદ દિવસ દરમિયાન ઠંડીનો માહોલ રહેતા લોકો ગરમ કપડા પહેરવા મજબુર બન્યા છે.

## કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડમાં બરફવર્ષા : ઉત્તરભારતમાં ઠંડીનો પ્રકોપ

નવી દિલ્હી તા.૧૦

જમ્મુ-કાશ્મીર સહિત સમગ્ર હિમાલયન ક્ષેત્રોમાં ભારે હિમવર્ષાને પગલે ઉતર ભારત સહિત દેશના મેદાની ભાગોમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. હિમાચલપ્રદેશમાં ઠંડીથી બે લોકોના મોત નિપજયા હતા જયારે સેંકડો પ્રવાસી ફસાતા સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

હિમાચલ પ્રદેશમાં ઠેકઠેકાણે બરફની ચાદર સર્જાઈ હતી. આ દરમ્યાન કાર સ્લીપ થઈ જતા દિલ્હીના પ્રવાસી સહિત બે લોકોના મોત નિપજયા હતા. રાજયમાં ૪૭ માર્ગો બંધ કરવામાં આવ્યા હતા. કુફરી તથા લાહૌલમાં સોમવારે સાંજે ફરી હિમવર્ષા થઈ હતી. માર્ગો સ્લીપરી બન્યા હતા જેને પગલે અટલ ટનલ રોહતાંગ પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવી હતી.

ટ્રાન્સફોર્મરોમાં પણ બરફ જામતા વિજ સમસ્યા સર્જાઈ હતી. મનાલીથી લાહૌલનો સંપર્ક કપાઈ ગયો હતો. ઉના, બિલાસપુર, હમીરપુર, કાંગડા, મંડી જેવા મેદાની ભાગો માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## રાજયસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ સામે વિપક્ષનો મહાભિયોગ પ્રસ્તાવ : સંસદના બન્ને ગૃહોમાં ભારે હોબાળો : કાર્યવાહી સ્થગિત

નવી દિલ્હી તા.૧૦:

દેશની સંસદમાં લાંબા સમયથી સરકાર અને વિપક્ષ વચ્ચે સતત સર્જાઈ રહેલા ઘર્ષણ તથા આક્ષેપબાજી વચ્ચે હવે વિપક્ષોએ સંયુક્ત રીતે ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના સભાપતિ જગદીપ ધનખડ સામે ઈમ્પીચમેન્ટ-મહાભિયોગની દરખાસ્ત લાવતા હવે તનાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

ધનખડના રાજયસભાના સભાપતિ તરીકે આગમનથી જ વિપક્ષો સાથે સતત ટકકર થઈ રહી છે અને બન્ને તરફના સંબંધો ખૂબજ તનાવભર્યા અને આક્ષેપબાજી ભર્યા રહ્યા છે અને હવે વિપક્ષના ‘ઈન્ડીયા’ ગઠબંધને ધનખડ સામે અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યા છે. જો કે રાજયસભામાં સભાપતિને (વાઈસ પ્રેસીડેન્ટ) દુર કરી શકાય તેટલી બહુમતી વિપક્ષ પાસે નથી તેથી દરખાસ્તનું પતન થશે પણ તેની ચર્ચામાં નવા રાજકીય વિવાદ તથા આક્ષેપબાજી થઈ શકે છે.

અદાણી મુદે કોંગ્રેસને સાથ નહી આપનાર તૃણમુલ કોંગ્રેસ તથા સમાજવાદી પક્ષે જો કે રાજયસભાના સભાપતિ સામેની અવિશ્વાસ પ્રસ્તાવમાં સહી કરી છે. બંધારણની કલમ ૬૭(બી) હેઠળ અપાયેલી આ નોટીસ પર આગામી દિવસોમાં વિચારણા થશે. જો કે તેના માટે ૧૪ દિવસનો સમય પસાર કરવો જરૂરી છે તેથી સંસદનું વર્તમાન સત્ર જે તા.૨૦ ડિસે.ના પુરુ થાય છે જેમાં આ દરખાસ્ત રજુ થાય તેવી શકયતા નથી. દરમ્યાનમાં આજે પણ સંસદના બન્ને ગૃહો લોકસભા અને રાજયસભામાં ભારે ધમાલ મચી ગઈ છે અને બન્ને ગૃહોની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવાની ફરજ પડી છે. ટીએમસીએ રાજયસભામાંથી વોકઆઉટ કર્યો છે.

## મુંબઈમાં બેકાબુ બનેલી બેસ્ટની બસે સાતને કચડી નાંખ્યા : ૪૯ને ઈજા

મુંબઈ, તા.૧૦:

ગત રાત્રે મુંબઈના કુર્લામાં બેસ્ટની બસે ઘણા લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે. ૪૯ ઘાયલોની સારવાર ચાલી રહી છે. તેમને સાયન અને કુર્લામાં દાખલ કરવામાં આવ્યા છે.. મુંબઈના ગીચ વસ્તીવાળા વિસ્તાર કુર્લામાં એક સરકારી બસ તેજ ગતિએ પ્રવેશી હતી. આ દરમિયાન સ્પીડમાં આવતી બસે ઘણા લોકોને કચડી નાખ્યા હતા. આખરે બસ એક બિલ્ડીંગના આરસીસી કોલમ સાથે અથડાઈને થંભી ગઈ. પરંતુ બિલ્ડિંગની બાઉન્ડ્રી વોલ ધરાશાયી થઈ હતી. આ દરમિયાન બસે ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ૪૦ વાહનોને ટક્કર મારી હતી. આ ભયાનક દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે જ્યારે ૪૯ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

સવાલ એ છે કે આટલા મોટા અકસ્માત પાછળનું કારણ શું છે ? ડ્રાઈવર નશામાં હોવાને કારણે આ અકસ્માત થયો કે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ, આ અકસ્માતનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટના સમયે હાજર સ્થાનિક લોકોનું કહેવું છે કે બસ ડ્રાઈવર નશામાં હતો.

આ અકસ્માત કુર્લા વેસ્ટ રેલવે સ્ટેશન રોડ પર આંબેડકર નગરમાં થયો હતો. બસ કુર્લા સ્ટેશનથી અંધેરી જઈ રહી હતી.

કહેવામાં આવી રહ્યું છે કે આરોપી ડ્રાઈવર સંજય મોરે સોમવારે પહેલીવાર બસ ચલાવી રહ્યો હતો. તેઓ ૧ ડિસેમ્બરે જ બેસ્ટમાં કોન્ટ્રાક્ટ ડ્રાઈવર તરીકે જોડાયા હતા. એવું માનવામાં આવે છે કે તેણે બ્રેકને બદલે એકસિલરેટર દબાવ્યું હતું. જેના કારણે આ અકસ્માત થયો હતો.પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી છે.


શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
**ઓપરેશન કરાવતા પહેલા**
**આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ**
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
**(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)**
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ


સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જ્ગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**
**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

**ધમાકા એક્ષચેન્જ ઓફર**
**તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ**
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA
બેડરૂમ સેટ / મોડયુલર કિચન / સોફા સેટ / ઓફીસ ફર્નિચર / આકર્ષિત પડદા / વોલપેપર
- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
**સી.સી. પડદાવાલા**
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)



# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ ખાતે રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ રામકૃષ્ણ મઠના ભોજનાલય, સંતઆવાસ તેમજ પ્રાર્થનાખંડનું ઉદ્‌ઘાટન કર્યું : રામકૃષ્ણ મિશન તેમજ રામકૃષ્ણ મઠ બેલુરના અધ્યક્ષ સ્વામી શ્રી ગૌતમાનંદજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિ**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાણંદ તાલુકાના લેખંબા સ્થિત રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજનું ભારત પોતાના જ્ઞાન, પરંપરા અને સદીઓ જૂનાં ઉપદેશોને આધારે આગેકૂચ કરી રહ્યું છે. આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતના વર્તમાન સમયમાં વધી રહેલા વર્ચસ્વ ઉપર ભાર મૂકતા વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદ આધુનિક વિજ્ઞાનના ખૂબ જ સમર્થક વિવેકાનંદ માનતા હતા કે, વિજ્ઞાનનું મહત્ત્વ માત્ર વસ્તુઓ કે ઘટનાઓનાં વર્ણન પૂરતું મર્યાદિત નથી, પણ વિજ્ઞાનનું મહત્ત્વ આપણને પ્રેરિત કરવામાં અને આપણને આગળ લઈ જવામાં રહેલું છે. ભારતની ઓળખને વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાંનાં પગલાં, માળખાગત સુવિધાનાં ક્ષેત્રમાં આધુનિક નિર્માણ અને ભારત દ્વારા આપવામાં આવી રહેલા વૈશ્વિક પડકારોનું સમાધાન પ્રદાન કરવા જેવી અનેક સિદ્ધિઓથી ભારતની ઓળખને માન્યતા મળી છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનએ કહ્યું કે "સ્વામી વિવેકાનંદ માનતા હતા કે યુવાશક્તિ દેશની કરોડરજ્જુ છે." યુવાનોની શક્તિ વિશે સ્વામી વિવેકાનંદનાં અવતરણનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, હવે સમય આવી ગયો છે અને આપણે આ જવાબદારી ઉપાડવી પડશે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતે આજે અમૃતકાળની નવી સફર શરૂ કરી છે અને વિકસિત ભારતનો અચૂક ઉકેલ લીધો છે. આપણે નિર્ધારિત સમયમર્યાદામાં આ લક્ષ્યાંક હાંસલ કરવાની જરૂર છે એ વાત ઉપર ભાર મૂકતા વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારત દુનિયામાં સૌથી યુવા રાષ્ટ્ર છે." તેમણે ઉમેર્યું હતું કે, આજે ભારતનાં યુવાનોએ દુનિયામાં પોતાની ક્ષમતા અને ક્ષમતાનો પુરાવો આપ્યો છે તેમજ ભારતની યુવાશક્તિ જ વિશ્વની સૌથી મોટી કંપનીઓનું નેતૃત્વ કરી રહી છે અને તેમણે જ ભારતનાં વિકાસની જવાબદારી સંભાળી છે. આજે દેશ પાસે સમય અને તકો છે એ બાબત ઉપર ભાર મૂકીને શ્રી મોદીએ રાષ્ટ્રનિર્માણનાં દરેક ક્ષેત્રમાં નેતૃત્વ માટે યુવાનોને તૈયાર કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોની જેમ આપણા યુવાનોએ પણ દેશનું રાજકારણમાં નેતૃત્વ કરવાની જરૂર છે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનએ આગામી સમયમાં ૧ લાખ પ્રતિભાશાળી અને ઊર્જાવાન યુવાનોને રાજકારણમાં લાવવાના સરકારના સંકલ્પનો પણ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો. આ યુવાનો ૨૧મી સદીના ભારતીય રાજકારણ અને દેશના ભવિષ્યનો નવો ચહેરો બનશે તેમ તેમણે ઉમેર્યું હતું. આધ્યાત્મિકતા અને સાતત્યપૂર્ણ વિકાસ ઉપર ભાર મૂકતાં વડાપ્રધાનએ કહ્યું હતું કે, પૃથ્વીને શ્રેષ્ઠ બનાવવા માટે યાદ રાખવા જેવા બે મહત્ત્વપૂર્ણ વિચારો છે. આ બંને વિચારો વચ્ચે સુમેળ સાધીને આપણે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરી શકીએ તેમ છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદ આધ્યાત્મિકતાની વ્યવહારિક પાસા પર ભાર મૂકતા હતા અને સમાજની જરૂરિયાતો પૂર્ણ કરી શકે તેવી આધ્યાત્મિકતા ઈચ્છતા હતા. વિચારોની શુદ્ધતાની સાથે સ્વામી વિવેકાનંદ આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવા ઉપર પણ ભાર મૂકતા હતા. આર્થિક વિકાસ, સામાજિક કલ્યાણ અને પર્યાવરણનાં સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવીને સ્થાયી વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકાય છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સ્વામી વિવેકાનંદના વિચારો આ લક્ષ્યાંક સુધી પહોંચવા આપણને માર્ગદર્શન આપશે. આધ્યાત્મિકતા અને ટકાઉપણા એમ બંનેમાં સંતુલન જાળવવું મહત્ત્વપૂર્ણ છે. એક વ્યક્તિ મનની અંદર સંતુલન સર્જે છે, ત્યારે બીજી વ્યક્તિ આપણને પ્રકૃતિ સાથે સમતોલન જાળવવાનું શીખવે છે. રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓ મિશન લાઈફ, એક પેડ મા કે નામ જેવા આપણા અભિયાનોને વેગ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે તેવો વિશ્વાસ પણ વડાપ્રધાનએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લેખંબા સ્થિત રામકૃષ્ણ મઠના સંત નિવાસ, ભોજનાલય અને પ્રાર્થનાખંડનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું કે, સ્વામી વિવેકાનંદજીનો ગુજરાત સાથે અનન્ય નાતો છે. સ્વામી વિવેકાનંદ ગુજરાતમાં રહ્યા તે ગુજરાતનું સૌભાગ્ય છે. સ્વામીજીના જીવન-કવન લોકો સુધી પહોંચે તે માટે રાજ્યમાં રૂા.૧૦૦ કરોડથી વધુના ખર્ચે સ્વામી વિવેકાનંદ ટુરિસ્ટ સર્કિટનો વિકાસ થઈ રહ્યો છે. આ પ્રસંગે આયોજિત જાહેર સભાને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વામી વિવેકાનંદના આદર્શોને અનુસરે છે, સ્વામી રામકૃષ્ણપરમહંસના સેવા અને યોગ માર્ગને વડાપ્રધાનએ ચરિતાર્થ કર્યો છે. આજની યુવાપેઢી સ્વામીજીના વિચારોને જાણે અનુસરે તેવા પ્રયાસ પણ વડાપ્રધાન કરતા રહ્યા છે. આ તકે મુખ્યમંત્રીએ રાજ્યભરમાં આવેલા વિવિધ રામકૃષ્ણ મઠોની પ્રવૃત્તિઓ, સમાજ ઉપયોગી કાર્યો અને રાજકોટના ઐતિહાસિક રામકૃષ્ણ મઠના સાંસ્કૃતિક મહત્વની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, સ્વામી વિવેકાનંદજી ભારતના આધ્યાત્મિક વારસાના સંદેશાવાહક છે. તેમના વિચારો આજે પણ આપણું માર્ગદર્શન કરે છે, સમસ્યાઓનું સમાધાન આપે છે. આ સંદર્ભે તેમણે કહ્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે વડાપ્રધાનએ 'વિરાસત ભી, વિકાસ ભી'ના મંત્ર સાથે વિકાસનો રોડમેપ આપ્યો છે. સંસ્કૃતિને ટકાવી રાખીશું તો જ વિકાસનો પાયો મજબૂત બનશે. ચારિત્ર્ય નિર્માણ સાથે આગળ વધીશું તો નિર્ધારિત લક્ષ્ય ઉપર પહોંચીશું. વડાપ્રધાનશ્રીએ આ આદર્શોને અનુસરીને ભારતની વિકાસયાત્રા પ્રશસ્ત કરી છે, વિશ્વમાં ભારતની મજબૂત દેશ તરીકેની છબી ઉભરી આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ અમદાવાદના રામકૃષ્ણ મઠ ખાતે આગામી સમયમાં બનનારી સુવિધાઓ- છાત્રાલય, યુવા તાલીમ કેન્દ્ર, હાઈટેક થીમ પાર્ક, યાત્રી નિવાસ વિગેરે પ્રકલ્પો મઠને વધુ લોકભોગ્ય બનાવશે તેવો મત વ્યકત કર્યો હતો. અમદાવાદ રામકૃષ્ણમઠના અધ્યક્ષ સ્વામી પ્રભુસેવાનંદજીએ લેખંબા મઠ ખાતે ભવિષ્યમાં નિર્માણ થનારા વિવેકાનંદ થીમ પાર્કની વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે કહ્યું કે, સ્વામી વિવેકાનંદજીના વિશ્વ ઉત્થાન માટેના યોગદાનને અહીં ટેકનોલોજીના સમન્વયથી પ્રદર્શિત કરવામાં આવશે. આ સાથે પ્રસ્તાવિત થીમપાર્ક ગુજરાત માટે નવલું નજરાણું બની રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રામકૃષ્ણ મિશન તેમજ રામકૃષ્ણ મઠ બેલુરના અધ્યક્ષ સ્વામી શ્રી ગૌતમાનંદજી મહારાજ પણ આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાધીશજીને ઠંડીના દિવસોમાં ઋતુ અનુસાર વસ્ત્રો તેમજ આભુષણો પરિધાન કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

હાલમાં શીત લહેર ચાલી રહી હોય અને આગામી તા.૧૬ ડિસેમ્બરથી શરૂ થતા ધનુર્માસમાં સૂર્ય ધનરાશિમાં પ્રવેશતાં ધનારક યોગમાં શુભ કાર્યો થતાં નથી. મુખ્યત્ત્વે ધાર્મિક કાર્યો, ભાગવત સપ્તાહ વગેરે કરવામાં આવે છે. ત્યારે દ્વારકાના જગતમંદિરમાં ભગવાન દ્વારકાધીશને ધનુર્માસમાં કાતીલ ઠંડીના દિવસોમાં ઠાકોરજીની સેવાનો પ્રકાર, વસ્ત્ર પરિધાન, આભુષણો, શૃંગાર, ભોગ વગેરે મોસમને અનુરૂપ કરવામાં આવે છે અને ઋતુ અનુસાર ઠાકોરજીની સેવા કરવામાં આવે છે. આ અંગે દ્વારકાધીશ મંદિરના પૂજારી પ્રણવભાઈના જણાવ્યા અનુસાર માગસર મહિનામાં સૂર્ય ધનરાશિમાં રહેતો હોય ધનુર્માસની તિથિઓ દરમ્યાન સવારે ૫:૩૦ કલાકે મંગલા આરતી બાદ સૂર્યોદય પહેલા અભિષેક કરવામાં આવે છે. જયારે ૧૦:૩૦ કલાકે અનોસર (મંદિર બંધ) થાય છે. શિયાળાની કાતિલ ઠંડીના સમયમાં ઠાકોરજીને અભિષેક બાદ અભિષેક બાદ ઠાકોરજીની સેજામાં સૌભાગ્ય સૂંઠ જેમાં સૂંઠ, ઘી, ગોળ, મરી, તજ, કેશર, કાળી મુસલી, ધોળી મુસલી, બદામ પીસ્તા કાજુ ઠાકરોજીને ધરાવવામાં આવે છે. ચાંદીના વાસણમાં સૌભાગ્ય સૂંઠ તથા કેશરયુકત ગરમ દુધ અર્પણ કરી ઠંઠી ઓછી પડે તેવો ભાવ વ્યકત કરવામાં આવે છે. શિયાળાના સમયમાં ભગવાન દ્વારકાધીશને સોનાનાં દાગીના પરિધાન કરાવવામાં આવે છે. ભગવાનને ધરાવાતાં ભોગમાં રાજભોગ સમયે અડદીયાનો ભોગ તેમજ બાજરાનો રોટલો, રીંગણાનો ઓળો, નરમ ખીચડી વગેરેનો ભોગ ધરાવવામાં આવે છે. ઉપરાંત ભગવાન દ્વારકાધીશને પણ ગરમ વસ્ત્રો જેવા કે બંડી, શાલ તેમજ ગરમ જાકીટ, ઊનનો કોટ સહિતના વસ્ત્રો પરિધાન કરવામાં આવે છે. રાત્રિના સમયે પણ શ્રૃંગાર બડા કરી ગરમ કોટ વુલન કપડાંનો અને કાશ્મીરી પશ્મીના શાલ, સીલ્કની રજાઈ સાથેની સેજા સજાવવામાં આવે છે. આ પ્રકારનો દર્શન ક્રમ ઠંડીના દિવસોમાં આયોજવામાં આવે છે. શયન સમયે ઠાકોરજીને ગરમ સેજા પાથરવામાં આવે છે જેના ઉપર ઠાકોરજીને વિશ્રામમાં જાય તેવો ભાવ કરવામાં આવે છે. રાત્રે ઓઢાડેલી ગરમ શાલ સવારે મંગલા આરતી સુધી રાખવામાં આવે છે. આ ઉપરાંત તીવ્ર ઠંડી હોય ત્યારે જગતમંદિરના વારાદાર પૂજારીઓ દ્વારા ઠાકોરજીને સવારે મંગલા આરતી તેમજ અભિષેક પૂજન બાદ અને સાંજે સંધ્યા સમય બાદ ચાંદીની અંગીઠીમાં અગ્નિ પ્રજવલિત કરી ઉષ્માર્પણનો ભાવ વ્યકત કરાય છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

## ૧૧ ડીસેમ્બર "આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ"



આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ

વર્ષ ૨૦૦૩થી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૧૧ ડીસેમ્બરનાં દિવસને "આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટીએ જોઈએ તો તમામ પ્રકારનાં પર્વતો મહત્વનાં છે પછી ભલે તે બરફ આચ્છાદિત હોય કે સંપૂર્ણ લીલોતરીથી મહેકતા હોય. દરેકે દરેક પ્રકારનાં પર્વતોમાં વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ વસે છે. પશુ, પક્ષી, પ્રાણીઓથી લઈને વિવિધ વનસ્પતિ અને માનવી પણ ઘણા ચોક્કસ પહાડી પ્રદેશોમાં રહે છે. વળી જે લોકો ત્યાં રહેતા નથી તો એ જગ્યાનો, માહોલનો આનંદ માણવા માટે પણ પહાડો ઉપર થોડા દિવસો માટે રહેવા જાય છે. પર્વતો ઉપર રહેલી કુદરતી હવા, પ્રદુષણ રહિત માહોલ સૌને આનંદ આપે છે.જેવી રીતે ટ્રાવેલ ટુરીઝમ વધ્યું છે તેમ તેમ લોકો અન્ય વિસ્તારોમાં ફરવા કરતાં પર્વતો ઉપર જઈને પોતાનાં રજાના દિવસો વિતાવવાનું વધારે પસંદ કરે છે પછી ભલે તે કોઈ યાત્રાધામ હોય, હિમાચલ પ્રદેશ હોય, બરફીલા પ્રદેશો હોય કે દક્ષિણમાં આવેલા લીલોતરીથી સજ્જ પર્વતો હોય. બધે જ રજાનાં દિવસોમાં કે વેકેશનમાં ભીડ જોવા મળે છે. પશુ, પક્ષીઓ માટે પર્વતો વિશેષ મહત્વ ધરાવે છે. પર્વતો ઉપર ઘણા જંગલી પ્રાણીઓ અને પક્ષીઓ માટે આશ્રય મળે છે. તે તેમને શિકારી પ્રાણીઓથી બચાવે છે. પર્વતોમાં ઘણા નદીઓ અને ઝરણાઓ વહે છે, જે પ્રાણીઓ અને પક્ષીઓને પીવાનું પાણી પ્રદાન કરે છે. આ જળ સ્રોત તેમના જીવન માટે મહત્વપૂર્ણ છે. પર્વતોમાં વિભિન્ન જાતનાં વૃક્ષો, છોડ ઉગે છે, જે પ્રાણીઓ અને પક્ષીઓ માટે આહાર તરીકે ઉપલબ્ધ બને છે. પર્વતોમાં જુદા જુદા સ્થળે તાપમાન વિવિધ હોઈ શકે છે, જે પ્રાણીઓ અને પક્ષીઓને અનુકૂળ પર્યાવરણ આપે છે. અહિ મુખ્ય બાબત એ છે કે કુદરતી રીતે નિર્માણ થયેલા એવા પર્વતો ઉપર જરૂર કરતા વધુ માનવ વસાહત થતા, હવા, પાણી, જમીનનું પ્રદુષણ વધ્યું છે. ઉપરાંત નોઈસ અને લાઈટ પોલ્યુશન પણ વધારાના ઉમેરાયા છે. આવામાં પર્વતો ઉપર રહેતી વન્ય જીવસૃષ્ટિનું શું ? જો માનવ બધે જ પોતાનું અસ્તિત્વ જમાવશે તો પ્રાણીઓનું શું ? હા એ વાત સાચી કે પર્વતો ઉપર જીવન ગુજારતા કેટલાક લોકો માટે આવકનું સાધન બનવા તેમજ ઈકોનોમી મેઈન્ટેનઈન રાખવા માટે ટ્રાવેલ ટુરીઝમ જરૂરી છે, પરંતુ તેને લગતા અમુક ચોક્કસ કડક નિયમો તો હોવા જ જોઈએ. જેથી કુદરતી સંસાધનોનું રક્ષણ થઈ શકે.

**- મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## રાજ્યમાં નાર્કોટીક્સ અને મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ આચરતા રીઢા ગુનેગારોને નિયંત્રણમાં લાવવા અમલી કરેલા 'મેન્ટર પ્રોજેક્ટ'ને પરિણામે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં ૨૨ ટકાનો થયો ઘટાડો

**'મેન્ટર પ્રોજેક્ટ' અંતર્ગત હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬૫૦૦ રીઢા આરોપીઓનું ડેઈલી સર્વેલન્સ કરવામાં આવશે : રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

સામાન્ય રીતે વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ જેવા મિલકત વિરૂદ્ધના ગુન્હાઓમાં પકડાયેલા આરોપીઓ વારંવાર એક જ મોડસ ઓપરેન્ડીથી ગુન્હાઓ આચરતા હોય છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા સમગ્ર ગુજરાતમાં વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ જેવા મિલકત વિરૂદ્ધના ગુનાઓ તથા નાર્કોટિક્સ NDPS એક્ટના ગુન્હાઓમાં પકડાયેલા આરોપીઓ ઉપર સર્વેલન્સ રાખવા માટે 'મેન્ટર પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો હતો. જેને પરિણામે વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં ચાલુ વર્ષે મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં રાજ્યમાં અંદાજે ૨૨ ટકાનો ઘટાડો થયો છે. સમગ્ર રાજ્યમાં આ પ્રોજેક્ટનો વ્યાપ વધારીને હવે 'એક આરોપી સામે એક પોલીસ મેન્ટર' એમ ૬૫૦૦ રીઢા આરોપીઓનું ડેઈલી સર્વેલન્સ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ સુચના આપી છે. મિલકત વિરૂધ્ધ તેમજ નાર્કોટીકસના આરોપીઓની માનસિકતા હોય છે કે, ફરીથી એજ પ્રકારનો ગુનો કરવો અને આવી ગુનાહિત પ્રવૃત્તિ સતત ચાલુ રાખવી. આવા મિલકત વિરૂધ્ધ અને નાર્કોટીકસના ગુનામાં પકડાયેલા આરોપીઓની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ ન રહે તે માટે ગુજરાત પોલીસ દ્વારા મેન્ટર પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં બે અથવા બેથી વધુ મિલકત વિરૂધ્ધના ગુનામાં પકડાયેલા આરોપીઓ અને એક અથવા એકથી વધુ નાર્કોટીક્સ (એન.ડી.પી.એસ)ના ગુનામાં પકડાયેલા આરોપીઓનો આ પ્રોજેકટમાં સમાવેશ કરી આવા રીઢા આરોપીઓને લીસ્ટ આઉટ કરવામાં આવ્યા છે. રાજ્યના પોલીસ વડા દ્વારા આ પ્રોજેક્ટ હેઠળ લીસ્ટેડ આરોપીઓ જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આ મેન્ટર પ્રોજેકટના અમલીકરણ માટે જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં એક આરોપી ઉપર સ્થાનિક પોલીસ સ્ટેશનના એક પોલીસ કર્મચારીને મેન્ટર તરીકે નિમણૂક આપવામાં આવી છે. મેન્ટર તરીકે નિમણૂક પામેલા પોલીસ કર્મચારીની ત્રણ મુખ્ય જવાબદારી છે. (૧) મેન્ટરને સોંપવામાં આવેલો આરોપી ફરીથી કોઈ ગુનો ન કરે તે માટે જરૂરી સર્વેલન્સ રાખવું અને દિવસમાં ઓછામાં ઓછું ત્રણ વખત ટેકનોલોજીના ઉપયોગથી એમનું લોકેશન કયાં છે તે જાણી લેવું. (૨) આરોપીઓનું સંપૂર્ણ ડોઝીયર તૈયાર કરવું. (૩) આ આરોપીઓ ગુનાનો રસ્તો છોડી સકારાત્મક પ્રવૃત્તિમાં જોડાય તે બાબતે પ્રયત્નો કરવા. રાજ્યમાં અત્યાર સુધી આશરે ૬૫૦૦ જેટલા આરોપીઓનો આ મેન્ટર પ્રોજેકટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તા. ૨૮/૧૧/ ૨૦૨૪ થી તા. ૦૫/૧૨/૨૦૨૪ દરમિયાન આ મેન્ટર પ્રોજેકટ અન્વયે નિમણૂક પામેલા પોલીસ મેન્ટર્સ માટે દરેક જીલ્લાઓમાં તાલીમ શિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પોલીસ ભવન ખાતેથી તૈયાર કરવામાં આવેલા એક પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજ્યના તમામ મેન્ટર્સને આ તાલીમ શિબીરમાં માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી હતી. જેથી આ મેન્ટર પ્રોજેકટને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવી શકાય. મેન્ટર પ્રોજેક્ટના અસરકારક અમલીકરણ થકી ભવિષ્યમાં ગુજરાત પોલીસને મિલકત વિરૂધ્ધના ગુનાઓ તથા નાર્કોટીકસના ગુનાઓ અટકાવવા માટે વધુ સફળતા મળશે.

## માંગરોળ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત ધારાસભ્ય હસ્તે કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૦

માંગરોળ શહેરની શ્રી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ૨૦૦૮થી માંગરોળમાં કાર્યરત છે ત્યારે હાલ આ વિદ્યાલયનું બિલ્ડીંગ જુનું થતા આ વિસ્તારની વધુમાં વધુ દિકરીઓ અભ્યાસ કરી શકે તે આશયથી નવા બિલ્ડીંગ માટે ગુજરાત સરકાર દ્વારા રૂપિયા પાંચ કરોડ જેટલી ગ્રાન્ટ મંજૂર કરાતા નવા બિલ્ડીંગ બાંધકામ માટે ખાતમુહૂર્ત ભૂમીપુજન માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા દ્વારા કરવામાં આવેલ. જેમાં શહેર પ્રમુખ નિલેશભાઈ સોમૈયા, બ્રહ્મા કુમારી પુષ્પાબેન, મામલતદાર પરમાર માંગરોળ, તાલુકા પંચાયત ટીડીઓ, માંગરોળ ઓડેદરા આ સ્કૂલમાં અભ્યાસ કરતી, તાલુકાની વિદ્યાર્થીનીઓ, આચાર્યા હંસાબેન ભાલીયા, શિક્ષકગણ તેમજ વાલીગણ સહિતની ઉપસ્થિતીમાં ભૂમીપુજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નવા બિલ્ડીંગનું ધાર્મિક વિધિવત ખાતમુહૂર્ત ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું તેમજ માંગરોળ ધારાસભ્ય દ્વારા વહેલામાં વહેલી તકે આ કામ પૂર્ણ થાય તેવી કોન્ટ્રાક્ટરને સૂચના આપવામાં આવી હતી.

## કેશોદના નાની ઘંસારી ગામે ઈન્ડિયન આર્મી જવાનું ભવ્ય સ્વાગત



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૦

કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામના અવિનાસ રાજદેભાઈ નંદાણીયા જેમને નાનપણથી આર્મીમાં જવાનું સ્વપ્ન હતું. છેલ્લા બે વર્ષથી આર્મીમાં જવાની તૈયારીઓ કરવામાં આવી રહી હતી. અવિનાસ નંદાણીયા આર્મીમાં સીલેકટ થતા હૈદરાબાદ ખાતે આઠ મહીના ટ્રેનીંગ પુર્ણ થતા વતન નાની ઘંસારી પરત આવતા મોટી ઘંસારીથી નાની ઘંસારી સુધી ત્રણ કિલો મીટર સુધી ડીજેના સંગાથે દેશ ભક્તિના ગીત સાથે ભવ્ય રેલી યોજી હતી. નાની ઘંસારી ગામે આવેલ વેરાવરી માતાજી મંદિરના સાનિધ્યમાં ઈન્ડીયન આર્મી જવાન અવિનાસ નંદાણીયાને ફુલહાર પહેરાવી સ્વાગત કરવામા આવ્યું હતું. માતાજીના શરણોમાં શિશ ઝુકાવી જુની પરંપરા મુજબ અવિનાશ નંદાણીયાએ તેમના માતા-પિતા વડીલોના શરણ સ્પર્શ કરી આશિર્વાદ મેળવ્યા હતા.

## જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા ફરાર અરોપીને ઝડપી લીધો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સિધ્ધા માર્ગદર્શન હેઠળ જેલ ફરારી કેદીઓને શોધી કાઢવા પેરોલ ફર્લો સ્કવોડને સદરહુ કામગીરી અસરકારક કરવા જણાવતાં લોકલ ક્રાઈમ બ્રાચના પો.ઈન્સ જે.જે.પટેલના માર્ગદર્શન મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સબ.ઈન્સ વાય.પી.હડિયા તથા ઉમેશચંદ્ર વેગડા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા તથા પ્રવિણસિંહ મોરીએ રીતેનાઓની ટીમ દ્વારા જૂનાગઢ જીલ્લામાં તથા ગુજરાત રાજયમાં જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓ તથા જેલ ફરારી કેદીઓને પકડવા સારૂ ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરી કાર્યરત હતા. દરમ્યાન એ.એસ.આઈ ઉમેશચંદ્ર એમ.વેગડા તથા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા તથા પો.કોન્સ પ્રવિણસિંહ મોરીનાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફ.- ૭૫/૨૦૧૮ આઈ.પી.સી કલમ ૩૦૭,૧૨૦(બી),૪૫૨,૫૦૬(૨) મુજબના ગુન્હાના કામનો કેદી હનીફ ઉર્ફે બાટલી નુરમહમદ બીનહુશેની આરબ ઉવ આશરે ૪૧ ધંધો ટ્રક ડ્રાઈવીંગ રહે, જૂનાગઢ સુખનાથ ચોક જમાલવાડી બે પીરની દર્ગાહ પાસે વાળાને દસ વર્ષની સજા ઉપરોક્ત ગુન્હાના કામે પડેલ હોય અને અને છેલ્લા ત્રણેક માસથી વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ હોય જે મજકુર કેદી પોલીસની પકડથી નાસતો ફરતો હોય અને તે હાલ મુંબઈથી ટ્રકમાં આવે છે. તેવી હકિકત મળતા તે હકિકત આધારે તારાપુર-બગોદરા હાઈવે ઉપર વોચ ગોઠવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા વોચ તપાસમાં રહેતાં મજકુર આરોપી તારાપુર-બગોદરા હાઈવે ઉપર એક ટ્રકમાંથી મળી આવેલ હોય તેનું નામ ઠામ પુછતા પોતાનું નામ હનીફ ઉર્ફે બાટલી નુરમહમદ બીનહુશેની આરબ ઉવ આશરે ૪૧ ધંધો ટ્રક ડ્રાઈવીંગ રહે, જૂનાગઢ સુખનાથ ચોક જમાલવાડી બે પીરની દર્ગાહ પાસે વાળો બતાવતો હોય જે મજકુર આરોપી રાજકોટ સેન્ટ્રલ જેલનો ફરાર કેદી હોવાની કબૂલાત કરતા આગળની કાર્યવાહી કરવા માટે રાજકોટ સેન્ટ્રલ જેલને સોપવામાં આવેલ છે.

## જૂનાગઢમાં મોટરસાઈકલ સાઈડમાં રાખવા બાબતે હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢના જોષીપરમાં માધવ એપાર્ટમેન્ટ ગલી નજીક બનેલા બનાવમાં મોટરસાઈકલ સાઈડમાં રાખવા બાબતની બોલાચાલીમાં માર મારવામાં આવ્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, આમીરભાઈ રફીકભાઈ સુમરા (ઉ.વ.૨૧) રહે.નંદનવન મેઈન રોડ જોષીપરા, જૂનાગઢ વાળાએ મુનીર તથા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી પોતાની મોટરસાઈકલ લઈ જતા હતા તે વખતે આરોપીઓએ મોટરસાઈકલ સાઈડમાં રાખવા બાબતે ઝગડો કરી આરોપીઓએ સાથે મળી મારામારી તેમજ મનફાવે તેમ ગાળો બોલી ફરિયાદીને આરોપી ૧નાઓ માથામાં શરીરે પથ્થરથી માર મારી તથા બે અજાણ્યાએ પથ્થરથી મોઢામાં ઈજા કરી તેમજ મોટા બેલાથી જાનથી મારી નાખવાની ધમકી આપી પણ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.ના જાહેરનામા નો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ વંથલીવાળા હાલ જૂનાગઢ સ્વ. શશીકાંત નર્મદાશંકર રાવલ (ઉ.વ. ૮૨) (નિવૃત ઈ.એસ. એસ.ટી. વાળા) તે ઉપેન્દ્ર રાવલ (એસ.ટી. કન્ડન્ટર) (મો. નં. ૯૪૨૮૯ ૫૪૩૭૦, ૯૪૨૭૨ ૩૩૬૯૫), રાકેશ રાવલના પિતા, દિપકભાઈ રાવલભાઈના મોટાભાઈ, ઓમ રાવલના દાદાનું અવસાન તા. ૮-૧૨-૨૪ રવિવારનાં રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૨-૧૨-૨૪ ગુરૂવારના રોજ ૪ થી ૬ સહજાનંદ સોસાયટી નં. ૨, શેરી નં. ૧, ૧૦ ગીરીરાજ-૩ પાછળ (નિવાસ સ્થાને) રાખેલ છે.

# નરસિંહ મહેતાની ૫૬૯મી હારમાળા જયંતિની અંતર્ગત નરસિંહ રચિત ભક્તિસભરપદગાન કાર્યક્રમ યોજાયો

## એકંદરે સંતર્પકતાનો અનુભવ કરાવતા નરસિંહનું અનેક પાસાંવાળું કવિવ્યક્તિત્વ આજની યુવા પેઢીને સમજાવવા ખૂબ જરૂરી છે- પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ

જૂનાગઢ, તા.૧૦

માગશર સુદ સાતમનાં દિવસે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. તથા નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટસંયુક્ત ઉપક્રમે નરસિંહ મહેતાની ૫૬૯મી હારમાળા જયંતિની ઉજવણી અંતર્ગત ગુજરાતના સુપ્રસિધ્ધ કલાવૃંદ નાણાંવટી બ્રધર્સના સંગાથે શ્રીનરસિંહ મહેતાજી રચિત ભક્તિસભરપદગાન કાર્યક્રમનું આયોજન યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં હરીવાડી ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને પોલીસ અધિક્ષકશ્રી હર્ષદ મહેતા, તેમજ ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તેદિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષીય ઉદબોધનમાં ઉપસ્થિત જૂનાગઢનાં પ્રુબધ્ધ સાહીત્ય રસીકોને સંબોધતા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ભગવાન ભોળાનાથ મહાદેવ પાસેથી નરસિંહ મહેતાને શંકરભગવાને કૃષ્ણની રાસલીલાના દર્શન કરાવવા, રાસલીલામાં તલ્લીન થવુ, હાથમાં મસાલ પકડેલ હાથ બળી જવો, કૃષ્ણ ભગવાને એમને કેદાર રાગ આપવો, એક ગરીબ પરીવારને આર્થિક મદદ કરવા શાહુકારને ત્યાં કેદારો ગીરવે મૂકવો, જૂનાગઢના રાજાએ લોકોની ચડાવણીથી નરસિંહ મહેતા પાસે જો ભગવાન જાતે આવીને હાર પહેરાવે તો જ સાચા ભક્ત માનવા અને દેહાંતદંડની સજા ભોગવવાઅન્યથા ભક્તિ પ્રમાણિત કરવાનુ ફરમાન થવુ, નરશી મહેતા પ્રભુને વિનવવા કેદાર રાગ ગાવો જરૂરી હતો. પ્રભુએ રાગ છોડાવ્યો અને નરસિંહ મહેતાએ કેદારો ગાઈ પ્રભુને બોલાવ્યા. ભગવાને પોતાના ગળામાંનો હાર નરસિહ મહેતાના ગળામાં પહેરાવ્યો આ વાત આપણે સૌ જૂનાગઢવાસી હોવાથી પરિચિત છીએ, આજે આપણે ૫૬૯મી હારમાળાનો અવસરે ભક્તકવિનું જ્ઞાન સ્વાનુભૂતિનો સ્પર્શ પામ્યું હોઈ એની અભિવ્યક્તિમાં મૌલિકતા અને પરિપક્વતા સભર પદોમાં વેદાંતવિચારનો સ્પષ્ટ પ્રભાવ સાથે ભક્તિજ્ઞાનનાં આ પદોમાં નરસિંહનું કવિત્વ ઊંચી કોટિનું, શબ્દે શબ્દે સહૃદયતા ટપકતી અને લયમાં આરતનો તાર ગુંજતો નાણાવટી બ્રધર્સ દ્વારા પદગાનથી અનુભવ્યો છે. નરસિંહનું અનેક પાસાંવાળું કવિવ્યક્તિત્વ એકંદરે સંતર્પકતાનો અનુભવ કરાવે છે.

આ પ્રસંગે પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ પ્રસંગ અનુરૂપ વાત કરતા જણાવ્યુ હતું કે, નરસિંહ મહેતાનાં જીવનકાળ દરમ્યાન રચાયેલ પદો, કાવ્યો અને ભજનોની રચનાઓ મૌખિક રીતે સચવાયેલી રચનાઓ વિષે અનેક લેખકો અને ઈતિહાસકારોએ સંસોધેન કરેલા છે.નરસિંહ મહેતાની રચનામાં ''ઝુલણ છંદ'' અને ''કેદારો રાગ'' મુખ્ય સ્વરૂપે જોવા મળે છે. કેટલાંક પદો તો ભાવ, લય, શબ્દભંગિ એ બધાંને કારણે ગુજરાતી ભાષાનાં આભૂષણરૂપ બની શક્યાં છે. નરસિંહના શૃંગારનિરૂપણમાં અનુભવી ભક્ત અને રસિક કવિનો સુભગ સમન્વય થયેલો અનુભવાય છે.કૃષ્ણ સાથેના ભાવાત્મક સંબંધને પ્રતિકાત્મકતા અર્પી નરસિંહે પ્રેમભક્તિનાં પદો આપ્યાં છે. તેમ અધ્યાત્મ જીવન અંગે સામાન્ય જ્ઞાનઉપદેશ આપતાં અને પરમજ્ઞાનની ભૂમિકાની ઝાંખી કરાવતાં જ્ઞાનભક્તિવૈરાગ્યનાં પણ ભક્તિજ્ઞાનનાં પદોમાં નરસિંહનું કવિત્વ શબ્દે શબ્દે સહૃદયતા ટપકે છેતેમ જણાવી ભક્તકવિ નરસિંહ મહેતાનાં હારમાળા જયંતી જયંતી પર્વે



ભાવવંદના કરી હતી.

કાર્યક્રમનાં પ્રારંભે નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટનાં અધ્યક્ષ ધવલભાઈ વસાવડાએ સૌ નરશીપ્રેમી કલામર્મી જૂનાગઢ વાસીઓને આવકારી જણાવ્યુ હતુ કે ઝૂલણા, ચોપાઈ, સવૈયા, દુહા વગેરે દેશીઓમાં રચાયેલાં ને વસંત, કેદાર, મલ્હાર, માલવ, રામગ્રી, સામેરી, પંચમ, ભૈરવ વગેરે સંગીતના રાગના નિર્દેશવાળાં નરસિંહનાં પદગાન પ્રસંગે શૃંગારપ્રીતિનાં અને ભક્તિજ્ઞાનનાં પદોમાં સરળ રસઘનવાણીનો આહલાદક પરિચય અને આનંદઘન અનુભૂતિનો સ્પંદ અનુભવવાનો આ અવસર છે.

કાર્યક્રમને સફળ બનાવવા ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. ડી.એચ. સુખડીયા,કલ્ચર સેલનાં ડો. રૂપલબેન ડાંગર અને નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ સાથે સક્રીય યોદાન આપનાર સંજીવભાઈ મહેતા અને ટ્રસ્ટનાં સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ : તા.૨૪ ડિસેમ્બરે તાલુકા અને તા.૨૬ ડિસેમ્બરે જીલ્લા કક્ષા સ્વાગત કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૧૦

નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા.૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ ગુરુવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે, જિલ્લા કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ આ પ્રશ્નો સાંભળશે. તા.૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે.

નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે. નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી અંગ્રેજી માસની તા.૧૦ તારીખ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકાકક્ષાએ થતો હોય તે અરજી તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકા કક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે.

એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆત કરવી નહિ. અરજદારે HTTP://SWAGAT.GUJARAT.GOV.IN/CITIZEN_ ENTRY_ DS.ASPX?FRM=WS ઉપર ઓનલાઈન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ધો.૧૦ અને ધો.૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આવનારી બોર્ડની પરીક્ષાનો ડર દૂર કરવા માટે શૈક્ષણિક સેમિનાર કાર્યક્રમની ઉજવણી કરાઈ

જૂનાગઢ, તા.૧૦

શ્રી જવાહર હાઈસ્કુલ ખોરાસા-ગીરના ધો.૧૦ અને ધો.૧૨ માં અભ્યાસ કરતાં દરેક સમાજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે આવનારી બોર્ડની પરીક્ષાનો ડર દૂર કરવા માટે શૈક્ષણિક સેમીનારનું આયોજન અને વાલી મિટિંગ આચાર્યથી કાંતિભાઈ કોઠડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આચાર્યશ્રી કોઠડીયા સાહેબે આવકાર સાથે પ્રાસંગિક પ્રવચનમાં પુરુષાર્થને લગતા કેટલાંક સૂચનો, દૃષ્ટાંતો વાલીઓ અને વિદ્યાર્થીઓને આપ્યા હતાં.



આ કાર્યક્રમમાં ખાસ બબ્બે વાર ભારતના રાષ્ટ્રપતિ ના હાથે સન્માનિત થયેલા શ્રેષ્ઠ શિક્ષક એવા બલદેવપરી ગોસ્વામીએ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા ગણિત અને વિજ્ઞાન વિષયોની ટેકનિકો શીખવાડી, બધાંને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. હળવી શૈલીમાં પ્રશ્નોતરી સાથે સફળતાની ચાવીઓ બતાવી પરીક્ષાનો ડર દૂર કરી દીધો હતો, તેઓ ખરેખર સ્કુલના દરેક વિદ્યાર્થીઓના હદયમાં વસી ગયા હતાં અને વિદ્યાર્થીઓમાં ખૂબ પ્રશંસા મેળવી હતી. બલદેવપરી સાહેબે સ્વયંભૂ ઊર્જા સ્ત્રોત વિશે અને સફળતાની ચાવીઓ અને સફળતાના પ્રકારો સરળ ઉદાહરણો દ્વારા સમજાવ્યા હતા અને જેના દ્વારા વિદ્યાર્થીઓમાં એક આત્મવિશ્વાસ જગાડ્યો હતો તમે પોતે જ ઉર્જા નો સ્ત્રો છો જેની સમાજ ,પ્રેઝન્ટેશન અને ટેકનિકલ ટેકનોલોજીના ઉપયોગથી બાળકોને સાથે ખુબ સરસ રીતે ડિજિટલ બોર્ડમાં સમજાવ્યું હતુ

આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જૂનાગઢના પ્રોફેસર ભરતભાઈ મેસિયાએ પોતાની આગવી હાસ્ય શૈલીમાં જણાવ્યું હતું. કે બાળકોને બોર્ડની પરીક્ષાનું વધુ પ્રેશર આપવું નહી તેના બદલે બાળકોને પ્રોત્સાહિત કરવાં, આત્મવિશ્વાસ જગાવવાનો પ્રયત્ન કરવો. ઉપરાંત વાલીઓને ખાસ સૂચન કર્યું હતું કે, વિદ્યાર્થીની સ્કુલ પસંદગીમાં ખાસ ધ્યાન આપવું. આપણું બાળક આપણી પાસે રહે અને ભણે તેવો પણ આગ્રહ કર્યો હતો. જેનાથી કુટુંબભાવના અને પરિવાર ભાવ બાળકની અંદર ઉજાગર થાય. આ કાર્યક્રમમાં આશરે ૧૪૦ જેટલાં વાલીઓ તથા ૨૮૦ જેટલાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતિ જીજ્ઞાસાબેને તથા આભારવિધિ રસિકભાઈ વોરાએ કરી હતી તથા સમગ્ર સ્ટાફ પરિવારે સહયોગ આપ્યો હતો.

## 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત

# કોડીનારના સોનાનાં વેપારીના છેતરપીંડીમાં ગયેલ રૂા. ૯૩ હજાર પરત અપાવતી પોલીસે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૦

કોડીનાર રબારી વાડા ચોક માં સોના-ચાંદીના દાગીનાનો ખરીદ વેચાણ તથા ધી કોડીનાર નાગરીક સહકારી બેન્ક લી.કોડીનારમાં સોના- ચાંદીના દાગીના ધિરાણના ચોકસી તરીકેનું કામ કરતા નંદલાલ લક્ષ્મીચંદ શાહ ઉ.વ.૭૦ રહે.કોડીનાર, એ દાગીના ધિરાણની નવાજુની કરવા માટે રોકડા રૂપિયા- ૯૩,૦૦૦/- વિશ્વાસે આપેલ હોય જે રોકડ રકમથી સામાવાળાએ કોડીનાર નાગરીક બેક્રમાંથી પોતાના દાગીના છોડાવી લીધેલ અને તે દાગીના પરત મુકવાના બદલે તેઓ પોતાના સોનાના દાગીના છોડવી જતા રહેલ અને અરજદારના રૂપિયા પરત આપેલ નહી જે બાબતેની અરજી



અનુસંધાને કોડીનાર પોલીસે ટીમ વર્કથી હ્યુમન સોર્સ તથા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી

સામાવાળાને શોધી કાઢતા સામાવાળાએ અરજદારના રૂપિયા-૯૩,૦૦૦/-પરત આપી દેતા પરસ્પર સુઃખદ સમાધાન થયેલ જેથી નાંદલભાઈને તેમના રોકડા રૂપિયા પરત મળી જતા કોડીનાર પો.સ્ટાફનો આભાર વ્યકત કરેલ છે. આમ, કોડીનાર ટાઉન બીટ દ્વારા અરજદારને તેમના રોકડા રૂપિયા-૯૩,૦૦૦/ - પો.સબ ઈન્સ. કે.એમ. ચાવડાના હસ્તે કોડીનાર ટાઉન બીટના ઈન્ચાર્જ પો.હેડ કોન્સ.એ.પી.જાની તથા પો કોન્સ ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશા નાઓએ પરત અપાવી પ્રસંશનીય કામગીરી કરી તેરા તજકો અર્પણનું સત્ર સાર્થક કરેલ છે.

# દ્વારકા નજીક મળી આવેલા મૃત ડોમેસાઈલ ક્રેન પક્ષીઓના પ્રકરણમાં ચાર આરોપીઓની અટકાયત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૦

દ્વારકા નજીકના નાગેશ્વર વિસ્તારમાંથી આજથી આશરે એક પખવાડિયા પહેલા ૨૪ જેટલા ડોમેસાઈલ ક્રેન (કુંજ-કરકરા) પક્ષીઓના મૃતદેહ એક છકડા રિક્ષામાં બિન વારસુ હાલતમાં મળી આવ્યા હતા. કુંજ-કરકરા પક્ષીઓનો શિકાર કરીને અજાણ્યા શિકારીઓ નાસી છૂટતા આ અંગે કરવામાં આવેલી કાર્યવાહીમાં પોલીસે ચાર આરોપીઓને ઝડપી લઇ, અદાલતમાં રજૂ કરતા અદાલતે આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે.

જામનગર મરીન નેશનલ પાર્કના મુખ્ય વન સંરક્ષક આર. સેન્થીલ કુમાર તથા નાયબ વન સંરક્ષક રાધીકા પરસાણાએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલતી વન્યજીવ શિકારની પ્રવૃતિ અટકાવવા માટે આપેલી સૂચનાના અનુસંધાને દ્વારકા મરીન નેશનલ પાર્કના તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફીસર એન.પી. બેલા દ્વારા વિવિધ ટીમો બનાવીને દ્વારકા તાલુકાના ચરકલા, નાગેશ્વર, ભીમગજા, મીઠી-ખારી વિગેરે વિસ્તારોમાં થતા ગેરકાયદેસર ડોમેસાઈલ ક્રેન (કુંજ-કરકરા) પક્ષીઓના શિકારને રોકવા નાઈટ પેટ્રોલિંગની કામગીરી કરાવામાં આવતી હતી. આ કામગીરી



દરમિયાન ટીમને નાગેશ્વર ગામના ખેડુત દ્વારા મળેલી બાતમીના આધારે મીઠાપુર નજીક આવેલા ભીમગજા તળાવ પાસેથી છકડો રીક્ષા વાહન નંબર પ્લ-૩૭-- ૦૬૬૦ ના પાછળના ભાગમાંથી બે કોથળામાં ભરેલા ચોવીસ ડોમેસાઈલ ક્રેન (કુંજ-કરકરા) પક્ષીના મૃતદેહો મળી આવ્યા હતા પરંતુ. આ સ્થળેથી પક્ષીના શિકારીઓ અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. આ પ્રકરણના અનુસંધાને તારીખ ૨૩ નવેમ્બરના રોજ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ વિગેરે અન્વયે અજાણ્યા શિકારીઓ વન્યજીવ અપરાધનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ગુનામાં રીક્ષા છકડો મૂકીને નાસી છૂટેલા આરોપીઓ સબીર ઉમર ઉઢાએ દ્વારકામાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ આગોતરા જામીન અરજી કરતા વન્યજીવ સંરક્ષણ અધિનીયમ તથા સુપ્રીમકોર્ટ, હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા વખતો વખતના ચુકાદાઓ સાથે રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.પી. બેલાએ સરકાર તરફે સોગંદનામું રજુ કરતા જિલ્લા સરકારી વકીલ લાખાભાઈ ચાવડાએ વિવિધ દલીલો કરતા જણાવ્યું હતું કે કુંજ-કરકરા પક્ષી દુર-દુરથી આ વિસ્તારમાં આવતા હોય, આપણા મહેમાન કહેવાય. આ પક્ષીનો શિકાર કરવો એ ગંભીર પ્રકારનો ગુનો છે. તેવી ધારદાર દલીલોબે ધ્યાને લઈ, નામદાર ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ શ્રી કે.જે. મોદી દ્વારા આરોપીઓના આગોતરા જામીન રદ કરતો ચુકાદો આપ્યો હતો.

આ પ્રકરણના આરોપીઓ સબિર ઉમર ઉઠા, યુસુબ સુલેમાન ઢોકી, ગુલામ જાકુબ ઈસબાની અને જુસબ ઈસ્માઈલભેંસલીયાની પોલીસે ધોરણસર કરી, ઓખાની કોર્ટમાં રજુ કરતા સરકાર તરફે દ્વારકાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.પી. બેલાની ઉપસ્થિતિમાં સરકારી વકીલ માજીરાણા દ્વારા આરોપીઓએ વન્યજીવ શિકારનો ગંભીર પ્રકારનો સંગઠીત અપરાધ આચાર્યો હોય, હાલ આ ગુનાની તપાસ ચાલુ હોવાથી આરોપીઓને જામીન મુકત નહી કરવા સહિતની દલીલોને ગ્રાહ્ય રાખીને ઓખા કોર્ટના જ્યુ. મેજી. શ્રી પી.એસ. રાય દ્વારા આરોપીઓની જામીન નામંજુર કરતો ચુકાદો આપવામાં આવ્યો હતો. જેથી તમામ આરોપીઓને જામનગર જિલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર પ્રકરણથી દ્વારકા વિસ્તારમાં પશુ-પક્ષીઓઓના શિકારની પ્રવૃતિ સાથે સંકળાયેલા શખ્સોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કામગીરી તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફીસર એન.પી. બેલાની રાહબરી હેઠળ રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર એસ.જી. કણજારીયા, કુ. યુ.પી. સાદીયા, વનરક્ષક એન.જે. ગાગીયા, કે.એન.ભરવાડ, પી.એલ.બૈડીયાવદરા, વિનોદભાઈ ડાભી, છગનભાઈ ગોડેશ્વર, ઈબ્રાહીમભાઈ શમા, માયાભાઈ માતંગ અને કિશનભાઈ માતંગ દ્વારા કરવામાં આવી હતી.

# કોડીનાર તાલુકાનાં વેળવા ગામે વાહન ચાલકોને હાઈવે ઉપર ચડવામાં ભારે અસલામતીની સ્થિતિ

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૧૦

કોડીનાર તાલુકાનાના વેળવા ટોલબુથ નજીક જ આવેલા વેળવા ગામેથી ફોરટ્રેક રોડ ઉપર ચડવા જીવનું જોખમ ઉભુ થાય તેવી નેશનલ હાઈવે દ્વારા સ્થિતિ નિર્માણ કરવામાં આવી છે.

ડોળાસા નજીકના વેળવા ગામેથી હાઈવે ઉપર જવા માટે અસલામત સર્કલમાંથી પસાર થવું પડે છે.જે જીવ ઉપર પૂરૂ જોખમ ઉભુ કરે છે. વેળવા તોલબુથ ઉપરથી પસાર થઈ માત્ર બસો મીટર દૂર આવેલા વેળવા ગામે ફાટક પડે છે. તેવું કોઈ બોર્ડ, લાઈટ, કે રોડ ઉપર નિશાન જ આપવામાં આવ્યા નથી, વેળવા અને આગળના દસ જેટલા



ગામોનો વાહન વ્યવહાર આ રોડ ઉપરથી થાય છે. એટલે કે વેળવા ગામમાંથી આવતો રોડ હાઈવેને મળે છે ત્યાં સારો એવો ટ્રાફિક રહે છે. વળી હાઈવે ઉપર જવા માટે ગામનો રોડને વધારે પ્રમાણમાં ઢાળ આપવામાં આવ્યો છે.

કોડીનાર તાલુકાના વેળવા ગામનું ટોલબુથ ઉભુ કરવા આ ગામના લોકો જીગરના ટુકડા જેવી જમીન હાઈવે ઓથોરિટીને આપી છે અને આજ ગામના લોકો માટે અસલામતીની સ્થિતિ ઊભી કરવામાં આવી છે. વેળવા ગામ લોકોની માંગ છે કે પ્રથમ તો વેળવા ગામેથી હાઈવે ઉપર ચડતાં રોડનો ઢાળ ઓછો કરવામાં આવે, આ ઉપરાંત અહીં ફાટક દર્શાવતી પીળી લાઈટ પણ મૂકવા માંગ છે.બંન્ને બાજુએ રોડ ઉપર પીળા પટ્ટા પણ બનાવવા માં આવ્યા નથી અને ગંભીરતા સુચીત કરતા કોઈ બોર્ડ પણ મૂકવામાં આવ્યા નથી. ટુંકમાં અહી હાલ રોડ ક્રોસ માટેનું કાયદેસરનું કોઈ નિશાન મૂકવામાં આવ્યું નથી,નેશનલ હાઈવે ઓથોરિટી ગમે ત્યારે આ ફાટક બંધ કરે તો વેળાવ અને ઉપરના ગામોના વાહન ચાલકોને કોડીનાર જવું હોય તો બે કી.મી.દૂર અડવી ગામેના સર્કલને ફરવા જવું પડે અથવા જીવના જોખમે નિયમ વિરૂદ્ધ અવળી દિશામાં તોલબુથ સુધી વાહનો ચલાવવા પડે જે કાયમ માટે જોખમ રહેલું છે. વેળવા ગામની સર્કલની સમસ્યાનું તુરત સમાધાન થાય તે જરૂરી છે. અન્યથા વેલવા ગામના લોકો આંદોલનની માર્ગ લેશે તેમ જાણવા મળે છે.

# દ્વારકામાં યોજાયેલ નિ:શુલ્ક આંખની તપાસ અને ચશ્મા વિતરણ કેમ્પમાં ૫૧૭ લાભાર્થીએ લાભ લીધો



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાસટી , ગુજરાત સ્ટેટ બ્રાંચ અમદાવાદ અને દ્વારકા તાલુકા શાખા દ્વારા શ્રી લોહાણા મહાજનવાડી, દ્વારકા ખાતે યોજાયેલ નિ:શુલ્ક આંખની તપાસ તથા નંબરવાળા ચશ્મા વિતરણ કેમ્પમાં કુલ ૫૧૭ લાભાર્થીઓએ લાભ લીધો તે પૈકી ૪૯૬ લાભાર્થીઓને નિ:શુલ્ક નંબરવાળા ચશ્મા વિતરણ કરેલ. કેમ્પમાં દિપ પ્રાગટ્ય નડીયાદથી આવેલ ડોકટર્સ ટીમ તથા અશ્વિનભાઈ ગોકાણી, કે.જી.હિંડોચા, ડો.ધમેન્દ્રભાઈ મજીઠીયા, શ્રીજીતેશભાઈ દાવડા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતીમાં થયેલ. કેમ્પને સફળ બનાવવા કિરણબેન મકવાણા, મનીષાબેન ફલડીયા તેમજ પ્રતાપભાઈ દામાણી, લખુભાઈ સોમૈયા, રાજેન્દ્રસિંગ, ભદ્રેશભાઈ વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પાકિસ્તાનને જવાબ

પાકિસ્તાની વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી કાશ્મીર પર જે રોદણાં રડ્યાં અને ભારત પર મનઘડંત આરોપો લગાવ્યા, ત્યારે ભારતીય પ્રતિનિધિએ તેમને કડક જવાબ આપીને બિલકુલ યોગ્ય જ કર્યું. પાકિસ્તાનને દરેક સમયે ખબર પડવી જ જોઈએ કે કોઈપણ તેનાં રોદણાં સાંભળવા તૈયાર નથી અને તે હજુ પણ આતંકવાદને પોતાનો સહયોગ, સમર્થન અને સંરક્ષણ આપવાનું બંધ કરતું નથી. એ સારું થયું કે ભારતે પાકિસ્તાનની ઝાટકણી કાઢવાની સાથે જ એ પણ બતાવી દીધું કે તેને આતંકવાદને સંરક્ષણ આપવાનાં દુષ્પરિણામ ભોગવવાં પડશે - ઠીક એવી જ રીતે જેમ તેણે ભારત દ્વારા કરવામાં આવેલ સર્જિકલ સ્ટ્રાઈક અને પછી એર સ્ટ્રાઈક રૂપે ભોગવ્યાં હતાં. આ મામલે જમ્મુમાં એક રેલીને સંબોધિત કરતાં વડાપ્રધાન મોદીએ એ યાદ દેવડાવ્યું કે કઈ રીતે આઠ વર્ષ પહેલાં સર્જિકલ સ્ટ્રાઈકને અંજામ આપવામાં આવ્યો હતો, બલ્કે એમ કહેવામાં પણ સંકોચ ન કર્યો કે નવું ભારત ઘરમાં ઘૂસીને મારે છે અને ગોળીનો જવાબ ગોળાથી આપે છે. તેમણે એ પણ રેખાંકિત કર્યું કે કોંગ્રેસના શાસનકાળમાં કઈ રીતે પાકિસ્તાનની હરકતોનો જવાબ પણ નહોતો અપાતો. નિઃસંદેહ કોંગ્રેસને આ બધી વાતો નહીં ગમતી હોય, પરંતુ એ સત્ય જ છે કે તેણે સત્તામાં રહ્યા દરમ્યાન પાકિસ્તાનને કોઈ પાઠ ન ભણાવ્યો. તેને કારણે જ તેનું દુસ્સાહસ વધ્યું અને ભારતે તેની ઘણી કિંમત ચૂકવવી પડી.

જો મોદી સરકાર પાકિસ્તાન વિરુદ્ધ કઠોર વલણનો પરિચય ન આપ્યો હોત તો આજે સીમા પર જે શાંતિ છે, તે ન હોત અને જમ્મુ-કાશ્મીરમાં આટલા ઉત્સાહભર્યા માહોલમાં ચૂંટણી ન થઈ રહી હોત. જમ્મુ-કાશ્મીરમાં જે શાંતિનું વાતાવરણ બન્યું છે, તેની નોંધ કાશ્મીર ઘાટીની જનતાએ વિશેષ રૂપે લેવું જોઈએ. તેણે એ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ કે પાકિસ્તાન તેનું હિતેચ્છુ નથી અને તે હજુ પણ કાશ્મીરને અશાંત-અસ્થિર કરવાનું બંધ નથી કરતું. પાકિસ્તાનના આ વલણ પર ભારત સરકારે પણ ધ્યાન આપવું પડશે, કારણકે તે આર્થિક રૂપે બદહાલ થઈ ગયા બાદ પણ ભારત વિરોધી ગતિવિધિઓ બંધ કરવા માટે તૈયાર નથી. તેનું પ્રમાણ એના પરથી મળે છે કે ગત દિવસે કુલગામમાં એક અથડામણમાં બે આતંકીઓને ઠાર માર્યા હતા. એ ઠીક નથી કે જમ્મુ-કાશ્મીરમાં આતંકી રહી-રહીને પોતાનું માથું ઊંચકે છે. છેલ્લા કેટલાક સમયથી તો કાશ્મીર કરતાં વધુ જમ્મુમાં આતંકીઓની સક્રિયતા વધી ગઈ છે. તેને જોતાં સરકારે આતંકીઓના દુસ્સાહસનું દમન કરવા માટે વધુ પ્રયાસો કરવા પડશે. આ ક્રમમાં પાકિસ્તાનને માત્ર ચેતવણી આપવી જ પૂરતું નથી. તેને યોગ્ય રસ્તે લાવવા માટે તેના પર દબાણ પણ વધારવું પડશે. તેને આ દબાણનો આભાસ પણ કરાવવો જોઈએ. એ સમજી લેવું જોઈએ કે તે આસાનીથી સુધરવાનું નથી.


### દેશ-વિદેશના ૧ લાખ હરિભક્તો ઉમટ્યા


# BAPS કાર્યકર સુવર્ણ મહોત્સવમાં મહંત સ્વામી મહારાજનું આગમન

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું પુષ્પ માળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું







(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં **BAPS** સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' યોજવામાં આવ્યો છે. ત્યારે આ મહોત્સવમાં ગુજરાત, સહિત અન્ય રાજ્યો અને વિદેશથી ૧ લાખથી વધુ કાર્યકરો અમદાવાદના સ્ટેડિયમમાં હાજર રહ્યા છે. ત્યારે મહંત સ્વામી મહારાજ સૌ કાર્યકરોને આશીર્વાદ આપવા માટે સ્ટેડિયમમાં પધાર્યા હતા. સ્ટેડિયમમાં સંગીત અને નૃત્યના વિવિધ કાર્યક્રમથી કાર્યકર સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

એક નાના બીજમાંથી વટવૃક્ષ બન્યું. જેમાં આ સ્વયંસેવકની સેવાઓ ભારત અને વિશ્વભરમાં કેવી રીતે વ્યાપી અને અનેક વિપરીત સંજોગોના વાવાઝોડા વચ્ચે પણ કર્તવ્યનિષ્ઠ આ કાર્યકરોની રોમાંચક ગાથાની પ્રસ્તુતિ કરવામાં આવી. આ સાથે વિપરીત પરિસ્થિતિઓમાં પણ સેવામાં અડગ રહેતા **BAPS**ના મહિલા કાર્યકરોના અને પુરુષ કાર્યકરોના વિશિષ્ટ પ્રસંગો પર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું.


બીજ કાર્યક્રમમાં છેલ્લાં ૧૦૦ કરતાં વધુ વર્ષોથી આરંભાયેલી આ સ્વયંસેવક પરંપરાનું બીજારોપણ અને તેના પોષણની અદ્ભુત રજૂઆત કરવામાં આવી. સત્પુરુષના પ્રેમ દ્વારા આ બીજ અંકુરિત થાય છે. બી.એ.પી.એસ.ના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ કાર્યકર પ્રવૃત્તિના બીજ રોપ્યા અને ક્રમશઃ તેઓ અંકુરિત થયા.

સુવર્ણ કાર્યકર મહોત્સવનું દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મહંત સ્વામી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંચ પર પહોંચ્યા હતા. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું પુષ્પ માળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. આનંદ સ્વરૂપ સ્વામીજીએ કહ્યું કે, **BAPS**ના તમામ કાર્યકરો ઘણા વર્ષોથી સેવા આપી રહ્યા છે. જેમાં કેટલાક તો દસકોથી સેવા આપી રહ્યા છે. આ તમામ કાર્યકરો નિસ્વાર્થ ભાવથી સેવા આપે છે. એક પ્રસંગ હું તમને કહીશ કે, ૧૯૯૨માં ગાંધીનગરના અક્ષરધામનું ઉદ્ઘાટન થયું હતું. આ સાથે પ્રભુસ્વરૂપ યોગીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ ૩૪ દિવસ સુધી મનાવવામાં આવ્યો હતો, ત્યારે લાખોની સંખ્યામાં ભક્તો આવ્યા હતા. જેમાં આઈઆઈએમના મુખ્ય કાર્યવાહક ત્યા આવ્યા હતા. તેમની આ વ્યવસ્થા જોઈને પ્રભાવિત થયા હતા. આ સાથે મહોત્સવમાં એક સંત પાસે જઈને ત્રણ કલાક બેસીને આ વ્યવસ્થા વિશે જાણવું છે તેમ કહ્યું હતું. ત્યારે સંતે કહ્યું કે, આ મોટી સફળતા પાછળ કાર્યકરોનો મુખ્ય ફાળો છે.

કાર્યકર સુવર્ણ મહોત્સવની ઉજવણીમાં એક લાખથી વધુ કાર્યકર્તાઓથી આખું સ્ટેડિયમ છલકાયું હતું. આ ભવ્ય ઉજવણીમાં સંગીત, ડાન્સ સહિતના કાર્યક્રમ શરુ કરવામાં આવ્યા હતા. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાયેલા **BAPS**ના સુવર્ણ મહોત્સવમાં એક લાખ કાર્યકરોના સામૂહિક ગાનથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

**BAPS**ના કાર્યકર સુવર્ણ મહોત્સવમાં આજે શનિવારની સાંજ સુધીમાં રાજ્ય, દેશ-દુનિયાભરમાંથી હરિભક્તો આવશે. જેમાં અમદાવાદ-ગાંધીનગરના ૩૦ હજાર, વડોદરના ૧૦ હજાર, સુરતના ૪૦૦૦, રાજકોટના ૨૬૦૦ સહિતના એક લાખથી વધુ કાર્યકરોઓને પાસની ચકાસણી બાદ સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. આ દરમિયાન કોઈ અણબનાવ ન સર્જાઈ તે માટે શહેર પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અમદાવાદ ટ્રાફિક પોલીસનું જાહેરનામું પ્રમાણે, સાબરમતી જનપથથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ, કૃપા રેસિડેન્સી, મોટેરા સુધીનો રોડ અવરજવર માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. જ્યારે નાના ચિલોડાથી અપોલો સર્કલ સુધીનો માર્ગ ભારે વાહનોની અવરજવર માટે બંધ રહેશે. વૈકલ્પિક રૂટમાં તપોવન સર્કલથી **ONGC** ચાર રસ્તાથી વિસત, સાબરમતી જનપથ, પાવર ચાર રસ્તા, પ્રબોધ રાવળ સર્કલ સુધીનો માર્ગ પરિવહન માટે ચાલુ રહેશે. જ્યારે ઓઢવ તરફથી દહેગામ રિંગ રોડથી આવતા ભારે વાહનો નાના ચિલોડા રિંગ રોડ સર્કલથી મોટા ચિલોડા તરફના રસ્તે જઈ શકશે. આ સાથે કૃપા રેસિડેન્સી થઈ શરણ સ્ટેટસ ચાર રસ્તા, ભાટ કોટેશ્વર રોડ, અપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે.

## હરિભક્તોએ પહેરેલા LED બેન્ડથી આખું સ્ટેડિયમ ઝળહળી ઉઠ્યું




### મહોત્સવમાં લેસર-લાઈટિંગ શો, સંગીત અને નૃત્યના અદભુત કાર્યક્રમ જોઈને હાજર સૌ કોઈ અભિભૂત થયા

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (**BAPS**) દ્વારા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક લાખ હરિભક્તો ઉમટી પડ્યા હતા. મહંત સ્વામીએ મહોત્સવના શુભારંભ પ્રસંગે રથમાં બેસીને ભવ્ય પધરામણી કરી હતી. સંધ્યાકાળે કાર્યક્રમમાં આખું સ્ટેડિયમ રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. લેસર-લાઈટિંગ શો, સંગીત અને નૃત્યના અદભુત કાર્યક્રમ જોઈને હાજર સૌ કોઈ અભિભૂત થયા હતા.

કાર્યક્રમની શરૂઆત પહેલા જ લોકોની ખુરશીઓ પર ખાસ બેન્ડ મૂકવામાં આવ્યા હતા. તમામ હરિભક્તોએ આ બેન્ડ હાથમાં પહેર્યા, બાદમાં એક પ્રસ્તુતિ દરમિયાન આખું સ્ટેડિયમ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. આટલું જ નહીં હરિભક્તોએ પહેરેલા બેન્ડમાં પણ વિવિધ પ્રકારની લાઈટ થઈ. આ સ્પેશિયલ **LED** બેન્ડની ખાસિયત એ છે કે એકસાથે એક લાખ બેન્ડ સિક્રોનાઈઝ કરવામાં આવ્યા હતા. બેન્ડનું પ્રોગ્રામિંગ દુબઈમાં કરવામાં આવ્યું જેથી વિવિધ થીમ અને મ્યુઝિક પ્રમાણે બેન્ડ જગમગે. સ્ટેડિયમમાં મધુર સંગીત સાથે હરિભક્તોના હાથમાં બેન્ડમાં રોશની થવાના કારણે અદ્ભૂત નજારો સર્જાયો હતો.

## ત્ર્યંબકેશ્વર મંદિરના મહંત બ્રહ્મલીન રઘુવીરદાસ બાપુની ૪૦ પુણ્યતિથીની ઉજવણી થશે

માણાવદર તા. ૧૦

માણાવદર શહેરના ત્ર્યંબકેશ્વર મંદિરે સ્વયંભુ પ્રગટ શિવલીંગ એક અલૌકિક શક્તિ ધરાવે છે. તેના પૂજન-અર્ચનથી વર્ષો સુધી બ્રહ્મલીન મહંત રઘુવીરદાસબાપુએ વધુ ચૈતન્ય પુર્યુ છે.

તેઓએ આ સ્થળે અખંડ ધુણો ધખાવી વર્ષો સુધી અઘોર તપ કર્યુ છે. તેઓના સમયમાં સેવકોએ જુની પોઢીયો ખસેડી નવો પોઢીયો બેસાડવા જીદ કરી બાપુએ કહયું જે છે તેને રહેવા દો પરંતુ સેવકોને નવો પોઢિયો બેસાડવા પ્રયત્નો કર્યા છતાં તે પોઢિયો એક તસુ ભાર ના ઉખેડી શકયા. અંતે સંતના ચરણોમાં પડી ગયા અને કહયું બાપુ હવે શું કરવું? સંત રઘુવીરદાસબાપુએ કહયું જુનો પોઢિયો સિધ્ધ છે તેની બાજુમાં તમે બીજો નવો પોઢિયો સથાપિત કરો તે ઉપરાંત હનુમાન જયંતિએ સમગ્ર તાલુકાની જનતાને ધુંવાડાબંધ જમાડતા તે ચમત્કારો જુના સેવકોએ જોયેલા તેવા સિધ્ધ મહંત બ્રહ્મલીન રઘુવીરદાસબાપુની ૪૦ મી પુણ્યતિથીએ તા.૧૨-૧૨-૨૪ ને ગુરૂવારે ગુરૂપૂજન, બ્રહ્મભોજન, કન્યા ભોજન, મહાપ્રસાદનું આયોજન, મંદિરના સંચાલકો, યુવકોએ કરેલ છે. આ પ્રસંગે બપોરે ૧૧.૩૦ થી ૧.૩૦ વાગ્યા સુધી પ્રસાદ લઈ શકાશે.

# જંત્રીમાં કરાયેલા વધારાની સામે રાજ્યભરની બિલ્ડર લોબી દ્વારા વિરોધ

## આ વધારા સામે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશને મૌન રેલી યોજી, જેમાં મોટી સંખ્યામાં બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટર્સ, શ્રમિકો, ડેવલપર્સ સહિતના જોડાયા

રાજકોટ,તા.૧૦

જંત્રીના સૂધારેલા સૂચિત દરોનો જો અમલ થશે તો કોઈપણ મધ્યમ વર્ગિય પરિવાર ઘરનું ઘર ખરીદી શકશે નહીં. કારણ કે સરકારે ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધી વધારો સૂચવ્યો છે. જેની સામે બિલ્ડરો જ નહીં સામાન્ય જનતાએ વાંધો ઉઠાવ્યો છે. આ વધારા સામે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશને મૌન રેલી યોજી, જેમા મોટી સંખ્યામાં બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટર્સ, શ્રમિકો, ડેવલપર્સ સહિતના જોડાયા હતા. રાજયમાં જંત્રીના સુધારેલા સૂચિત દરો સામે રાજયભરની બિલ્ડર લોબીમાં વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં બિલ્ડર એસોસિએશન દ્વારા મૌન કી બાત નામથી મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. સરકારે જંત્રીમાં ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો સૂચવ્યો છે. જેની સામે બિલ્ડરો જ નહીં સામાન્ય જનતાએ પણ વાંધો ઉઠાવ્યો છે. આ વધારાને બિલ્ડર લોબી અસહ્ય ગણાવી રહ્યા છે. આજે મૌન રેલી કાઢીને બિલ્ડર એસોસિએશન કલેક્ટરને આવેદન પત્ર આપી વિરોધ દર્શાવશે. આ 'મૌન કી બાત' નામથી આયોજિત મૌન રેલીમાં બિલ્ડર્સ સહિત કોન્ટ્રાકટર્સ, મજૂરો, બિલ્ડીંગ મટિરિયલ્સ વેપારી સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા છે. મૌન રેલી કાઢીને બિલ્ડર એસોસિએશનના સભ્યો જિલ્લા કલેકટરની કચેરીએ પહોંચ્યા હતા. અને તેમને આવેદન પત્ર પાઠવ્યું હતું. અને આ અંગે સત્વરે કોઈ પગલા લેવામાં આવે તેવી માંગ કરી હતી. ત્યારે જિલ્લા કલેક્ટરનું કહેવું છે કે અત્યાર સુધીમાં દોઢસો વધુ વાંધા અરજી મળી ચૂકી છે. વાંધા સૂચનો તપાસવા એક કમિટીની રચના કરવામાં આવી છે. જે હાલ આ અંગે ઉંડાણ પૂર્વક તપાસ કરી રહી છે. એટલું જ નહીંપ ઓનલાઈનની સાથેપ હવે ઓફલાઈન અરજી પણ સ્વીકારવામાં આવી રહી છે. કેમ થઈ રહ્યો છે વિરોધ

૧૫મી એપ્રિલથી ૨૦૨૩થી જંત્રીના દરો અમલી બનાવ્યા છે તેમા જ બમણો વધારો કરાયો છે. ત્યારે સુધારેલા દરોથી હાલત વધારે કફોડી બની જશે. સરકારના હાલ સુધારેલા સૂચિત દરોથી રિયલ એસ્ટેટ સેક્ટરને બ્રેક લાગી જશે. મકાનોની કિંમતમાં તોતિંગ વધારો થશે. એકસાથે જંત્રીમાં આટલો વધારો કોઈ રીતે સ્વીકાર્ય ન હોઈ શકે.આ વધારાથી રાજયભરના ૧૦ ટકા ડેવલપર્સ પ્રભાવિત થશે. ૯૦ ખેડૂતો પણ હાલાકીમાં મુકાઈ શકે છે. મકાનોની કિંમતોમાં ૩૦ થી ૪૦ ટકા મોંઘા થઈ શકે છે. રાજકોટમાં સર્જાયેલા ગોજારા **TRP** અગ્નિકાંડ બાદ શહેરના રિયલ એસ્ટેટ માર્કેટને જાણે ગ્રહણ લાગી ગયુ હોય તેવો ઘાટ તો પહેલેથી જ જોવા મળી રહ્યો છે. તેમાં જંત્રીના સૂચિત ભાવ વધારાને પગલે "પડ્યા પર પાટું" જેવી સ્થિતિ છે. એક તરફ પ્લાન પાસ કરાવવાને લઈને બિલ્ડરો હેરાન પરેશાન પહેલેથી જ હતા. હવે સૂચિત જંત્રીના ભાવમાં ૨૦૦ થી ૨૦૦૦ ટકાનો વધારો કરાયો છે. બિલ્ડર્સમાં ભારે નારાજગી છે.

### સરકારી ભરતીની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો

# GPSCએ ૧૧ પરીક્ષાની તારીખો કરી દીધી જાહેર, કુલ ૨૮૦૦ જગ્યાઓ માટે યોજાશે પરીક્ષા

## વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા ક્લબ કરવામાં આવી છે જ્યારે વર્ગ-૩ની પરીક્ષા અલગથી લેવામાં આવશે

ગાંધીનગર,તા.૧૦

સરકારી પરીક્ષાની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે સારા સમાચાર છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એ જુદી-જુદી ૧૧ પરીક્ષાઓની તારીખ જાહેર કરી દીધી છે. કુલ ૨૮૦૦ જગ્યાઓ માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે આજે આ જાહેરાત કરી હતી. હસમુખ પટેલે જણાવ્યું કે વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા ક્લબ કરવામાં આવી છે. જ્યારે વર્ગ-૩ની પરીક્ષા અલગથી લેવામાં આવશે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ૧૧ પરીક્ષાઓની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક કસોટી ૨૩ ફેબ્રુઆરીએ લેવામાં આવશે. કાર્યક્રમ અનુસાર અધિક સીટી ઈજનેર, મદદનીશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, સાટન્ટિફિક ઓફીસર, મદદનીશ બાગાયત નિયામક, મદદનીશ નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી જેવી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જીપીએસસીએ આપેલી માહિતી પ્રમાણે કુલ ૨૮૦૦ જગ્યાઓ ભરવા માટે પરીક્ષા લેવામાં આવશે.

વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષાઓ ક્લબ કરવામાં આવી છે. જ્યારે વર્ગ ૩ની પરીક્ષા અલગથી લેવામાં આવશે. હસમુખ પટેલે જણાવ્યું કે ઝડપથી ભરતી પ્રક્રિયા થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઘરની વાત સડક ઉપર આવે એટલે લોકો તમાસો જુવે છે.
- સાંઈબાબા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૧૦ પંચક તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૮, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વ્યતિપાત યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળ
વૃષભ:ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મિથુન:આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક: ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
સિંહ: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્ભવે.
કન્યા: ધીરજની કસોટી થાય.મનમાં ઉગ્રતા રહે.
તુલા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
વૃશ્ચિક:કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. પરિસ્થિતિ ગુંચવાય.
ધન: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
મકર: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કુંભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનઘર્ષણ થવા સંભવ છે.

# રાજ્યની સ્કૂલોમાં બે દિવસ મોટી સંખ્યામાં અપાર આઈડી તૈયાર કરાશે



અમદાવાદ, તા.૧૦

રાજ્યની શાળાઓમાં અપાર આઈડીના જનરેટ કરવાની કામગીરી વિભાગ દ્વારા પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. જેમાં હવે બે દિવસ રાજ્યની તમામ સ્કૂલોમાં મેગા અપાર આઈડી દિવસ તરીકે વધુમાં વધુ આઈડી જનરેટ કરવા માટે સ્કૂલોને સુચના અપાઈ છે. કેન્દ્ર સરકારની સુચના અનુસાર તમામ બાળકોનું ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (અપાર) ID બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીના ડાયસ ડેટાને આધારકાર્ડ સાથે લીંક કરવાનું હોય છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત વન નેશન, વન સ્ટુડન્ટ આઈડીની થીમ આધારિત વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવા માટે APPAR આઈડી બનાવવાનું નક્કી કરાયું છે. શિક્ષણ વિભાગ દ્વારા APPAR આઈડીમાં વિદ્યાર્થીઓના પરિણામો, શૈક્ષણિક રેકોર્ડ તથા સિદ્ધીઓ ડિજીટલ સ્વરૂપે સ્ટોર કરવામાં આવશે. પરંતુ આ અપાર આઈડી ક્રિએટ કરવાની પ્રક્રિયામાં છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતનું સમગ્ર શિક્ષણકાર્ય જ ખોરવાઈ ચુક્યું હોવાની વિગતો સામે આવી રહી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીઓના આધાર કાર્ડને ડાયસના નામ સાથે લીંક કરવામાં આવે છે અને તેના આધારે અપાર આઈડી બને છે. જોકે, રાજયના અનેક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓના આધારકાર્ડમાં નામ અને યુડાયસના નામ એક સમાન નથી. ઉપરાંત જે વિદ્યાર્થીઓના નામ એક સમાન છે તો ક્યાંક નાની-મોટી સ્પેલિંગ ભુલ આવે છે. આવા સંજોગોમા અપાર આઈડી ક્રિએટ થતુ નથી. હાલમાં અપાર આઈડી બનાવવામાં જે મુશ્કેલી આવી રહી છે તેમાં આધારકાર્ડમાં વિદ્યાર્થીનું પૂરૂં નામ ન હોવાના કારણે મિસમેચ આવે છે. આમ, અપારમાં પડતી મુશ્કેલીઓને લઈને શિક્ષણમંત્રી દ્વારા અમદાવાદની આકસ્મિક મુલાકાત પણ લેવામાં આવી હતી અને સુચનો મળેવી તે અંગેની સુચના પણ અપાઈ હતી. આ બધા વચ્ચે રાજયની સ્કૂલોમાં મહત્તમ વિદ્યાર્થીઓના અપાર આઈડી જનરેટ થાય તે માટે હવે શિક્ષણ વિભાગ દ્વારા ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ અપાર દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે

# શિક્ષણ વિભાગે બે અધિકારીઓને વહીવટી સેવામાં પરત મોકલી દીધા

અમદાવાદ, તા.૧૦

રાજ્ય સરકારના વહીવટી સેવાના બે અધિકારીઓને શિક્ષણ વિભાગમાં ઉંચી ગણાતી ડેપ્યુટી ડાયરેક્ટરની જગ્યા ઉપર મુકવામાં આવ્યા બાદ હવે શિક્ષણ વિભાગ દ્વારા તેમને પરત મોકલી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. તાજેતરમાં મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી સેવાના વર્ગ-૧માં બઢતી આપેલા બે અધિકારીને શિક્ષણ વિભાગમાં ડેપ્યુટી ડાયરેક્ટરની જગ્યામાં નિમણૂક આપવામાં આવી હતી. આ સમગ્ર વિવાદમાંતાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા બઢતીના આદેશ કરાયા હતા તેમાં બંને જગ્યા ઉપર શિક્ષણ વિભાગના અધિકારીને મુકી દીધા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસુલ વિભાગ દ્વારા ૨૫ ઓક્ટોબરના રોજ ૧૨૨ અધિકારીઓને બઢતી સાથે બદલીઓ કરવામાં આવી હતી.જેમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી (Dy. DEO) તરીકે ફરજ બજાવતાં વર્ગ-૧ના અધિકારી ભૂમી બી કેશવાલાને કમિશનર ઓફ સ્કૂલની કચેરીમાં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે બદલીથી નિમણુક અપાઈ હતી. જ્યારે ગાંધીનગરમાં સ્પેશિયલ મામ-બજેટ-કમિશનપ લેન્ડ રિફોર્મ્સમાં ફરજ બજાવતાં વર્ગ-૨ના અધિકારી રૂપ પટેલને કમિશનર ઓફ હાયર એજ્યુકેશનની કચેરીમાં હંગામી ધોરણે બઢતી આપી ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે નિયુક્તિ આપવામાં આવી હતી. શિક્ષણ વિભાગ પાસે પોતાના વિભાગના અધિકારીઓ હોવા છતાં અન્ય વિભાગ દ્વારા તેમના અધિકારીઓને શિક્ષણ વિભાગમાં બઢતી આપી મુકવામાં આવતા સરકારમાં રજૂઆતોનો દોર પણ શરૂ થયો હતો. આ બધા વચ્ચે તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા ૫ ડિસેમ્બરના રોજ વર્ગ-૧ના ૧૦ જેટલા અધિકારીઓને ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે બઢતી આપતો ઓર્ડર બહાર પાડ્યો હતો. જેમાં સામાન્ય વહીવટ વિભાગના બે અધિકારીઓને જે જગ્યા ઉપર નિમણુંક અપાઈ હતી તે જગ્યા ઉપર શિક્ષણ વિભાગના અધિકારીઓને નિયુક્તી આપી દેવામાં આવી હતી. નિમણુંક ઓર્ડરમાં એમ પણ જણાવાયું હતું કે, ઉચ્ચ કમિશનર કચેરી અને કમિશનર શાળાઓની કચેરીમાં નાયબ નિયામકની જગ્યા ઉપર ફરજ બજાવતાં ગુજરાત વહીવટી સેવા (જુનિયર) સ્કેલવર્ગ-૧ સંવર્ગના આર.પી. પટેલ અને ભૂમિબેન કેશવાલાને તેઓનીસેવાઓ તેમના મુળ વિભાગ ખાતે પરત સોંપવામાં આવે છે.

# ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્યને મળ્યોપ્રતિષ્ઠીત પુરસ્કાર

ગાંધીનગર, તા.૧૦

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગત તા.૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ 'અન્ન ચક્ર' PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન ટૂલ અને NFSA માટે સબસિડી ક્લેમ્સ એપ્લિકેશન (SCAN) પોર્ટલના લોન્ચિંગ સમયે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા(PDS) સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન, કે જેમાં ખાસ કરીને રૂટ ઓપ્ટિમાઈઝેશન અમલીકરણના ઉત્તમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના જૂન માસથી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાજ્યમાં આવેલા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(FCI) અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ(GSCSCL)ના તમામ ગોડાઉન તેમજ તમામ વ્યાજબી ભાવની દુકાનો(FPS)ને ઓનલાઈન PDS પ્લેટફોર્મમાં સફળતાપૂર્વક જીઓ-ફેન્સ કરવામાં આવ્યા છે. ફાઉન્ડેશન ફોર ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી ટ્રાન્સફર (FITT), આઈઆઈટી દિલ્હી અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) દ્વારા સંયુક્ત રીતે એક ઓપ્ટિમાઈઝેશન સ્ટડી તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત માટે ન્૧ એટલે કે F C I / C W C Úke GSCSCL ગોડાઉન સુધીમાં ૩૮ ટકા અને ન્૨ એટલે કે GSCSCLÚke FPS સુધીમાં ૦૬ ટકા સુધીના નોંધપાત્ર ખર્ચ ઘટાડાનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિભાગે વ્યાપક વિશ્લેષણ હાથ ધરીને ઓપ્ટિમાઈઝ કરી શકાય તેવા L1 માટે ૬૫૧ રૂટ્સ અને ન્૨ માટે ૧૬,૮૨૭ રૂટ્સની ઓળખ કરી હતી. ડિસેમ્બર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ દરમિયાન જ પરિવહન ખર્ચમાં કુલ રૂા.૪.૫ કરોડની બચત થઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજી બાવળીયાના માર્ગદર્શનમાં આવા પરિવર્તનકારી પરિણામોની ભારત સરકાર દ્વારા નોંધ લઈ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. વધુમાં, PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશનના કેન્દ્ર સરકારના પ્રેઝન્ટેશન તેમજ બ્રોશરમાં પણ ગુજરાત મોડેલને ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું, જે ગુજરાત માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. તેમ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# એક એવા IAS અધિકારી જેમની ૩૩ વર્ષમાં ૫૭ વખત બદલીઓ થઈ, અનેક ડિગ્રીઓ ધરાવે છે

**સૌપ્રથમ અધિકારી તરફ ૨૦૧૨માં લોકોનું ધ્યાન ગયું ત્યારે તેમણે સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાના એક વિવાદાસ્પદ જમીન સોદાના ફેરફારોને રદ કરી નાખ્યા હતા**



નવી દિલ્હી, તા.૧૦

નિવૃત્તિ આડે હવે માત્ર થોડા મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે પણ આઈએએસ અધિકારી અશોક ખેમકા ફરી એક વખત અખબારોના મથાળા ઉપર ચમકી ઉઠ્યા છે. એક વધુ બદલીને કારણે તેમનું નામ ફરી અખબારોમાં વાંચવા મળ્યું છે. આ એવા અધિકારી છે જેમની નોકરીના ૩૩ વર્ષ દરમ્યાન ૫૭ વખત બદલીઓ કરવામાં આવી છે. દર ૭ મહિને બદલીનો સામનો કર્યો હોય એવા અશોક ખેમકા માત્ર બીજા આઈએએસ અધિકારી છે. આવા બીજા એક અધિકારી નિવૃત્ત પ્રદીપ કાસની છે જેમની ૩૫ વર્ષના નોકરીના સમયગાળામાં ૭૧ વખત બદલીઓ કરવામાં આવી હતી. અહીં એ જોઈએ કે અશોક ખેમકા કઈ રીતે અને કેવા કેટલા શિક્ષણ સાથે આઈએએસ અધિકારી બન્યા હતા. અશોક ખેમકાએ હરિયાણાની વહીવટી સેવામાં ૩૩ વર્ષનો સમય પૂરો કર્યો છે પણ તેઓ મૂળ તો પશ્ચિમ બંગાળના છે. તેઓ મૂળ કોલકાતાના રહેવાસી છે. ૩૦ એપ્રિલ ૧૯૬૫ના રોજ એમનો જન્મ થયો હતો એવું હરિયાણા સરકારની વેબસાઈટ ઉપર લખ્યું છે. વેબસાઈટ ઉપર એમને નિવૃત્તિની તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૫ લખી છે એટલે હવે એમને થોડાક જ મહિના નિવૃત્ત થવામાં બાકી છે. એક અહેવાલ મુજબ અશોક ખેમકા ખુદ જણાવે છે કે એમનો જન્મ કોલકાતાના એક મારવાડી પરિવારમાં થયો હતો. એમના પિતા શંકરલાલ ખેમકા શણની એક મિલમાં ક્લાર્ક તરીકે કામ કરતા હતા. અશોક ખેમકાએ શાળાકીય શિક્ષણ બાદ ખડકપુર IITમાં પ્રવેશ મેળવ્યો હતો. તેઓ કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ વિષય સાથે બી ટેક થયા હતા અને એ પછી એમણે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ મુંબઈથી કમ્પ્યુટર સાયન્સમાં પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. એમબીએ પણ થયા છે. અને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર સાથે એમ.એની ડિગ્રી પણ હાંસલ કરી છે. તેમણે ૧૯૯૦માં યુપીએસસીની સિવિલ સર્વિસ પરીક્ષા પાર કરી હતી અને ૧૯૯૧માં આઈએએસ અધિકારી બન્યા હતા. એમને હરિયાણામાં પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું. તેઓ એમની પ્રમાણિકતા અને સખત પરિશ્રમ અને કામકાજની નીતિમત્તા અંગે તેમના કડક વલણને કારણે અધિકારી તરીકેલોકપ્રિય બન્યા હતા અને એક પ્રમાણિક અધિકારીની છાપ ઊભી કરી હતી. તેમણે અનેક વિભાગોમાં સેવાઓ આપી હતી. ૨૦૧૨માં લોકોનું એમના તરફ ધ્યાન ખેંચાયું હતું જયારે એમણે હરિયાણામાં સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડરાના એક જમીન સોદાના ફેરફારો રદ કરી નાખ્યા હતા. ૨૦૧૪માં તેમણે ટ્રાન્સપોર્ટ કમિશનર તરીકે મોટા વાહનોને ફિટનેસ સર્ટિફિકેટ આપવાનો ઈન્કાર કર્યો હતો જેના કારણે મોટી ટ્રક હડતાલ પણ થઈ હતી. એ પછી ગયા વર્ષે તેઓ ફરી અખબારોમાં ચમકતા હતા ત્યારે તેમણે વિજિલન્સ વિભાગમાં સુરક્ષા બંદોબસ્ત ગોઠવવાની માંગણી કરતો પત્ર મુખ્યમંત્રીને પાઠવ્યો હતો અને તેમણે બાદમાં એવું જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે મારી લડાઈ ચાલુ જ રહેશે. આ રીતે એમની બદલી ઉપર બદલીઓ થતી રહી હતી છતાં તેમણે પોતાની કામગીરી ચાલુ રાખી હતી. છેલ્લે ૫૭મી વખત તેમની બદલી પાંચ મહિના પહેલા થઈ હતી.

# સરકાર સામાન્ય વ્યક્તિઓ ઉપરનો ટેક્સ વધારી રહી છે અને ધનિકોને રાહત આપી રહી છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી તા.૧૦

કેન્દ્ર સરકાર જીએસટી સ્લેબ વધારવાની તૈયારી કરી રહી છે ? કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કંઈક એવા જ સંકેત આપતા કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' ઉપર રાહુલ ગાંધીએ પોસ્ટમાં લખ્યું કે, "મૂડીવાદીઓને છૂટ અને સામાન્ય લોકો પાસેથી લૂંટ કરવાનું વધુ એક ઉદાહરણ જુઓ. એક તરફ કોર્પોરેટ ટેક્સના મુકાબલે ઈન્કમ ટેક્સ સતત વધી રહ્યો છે. બીજી તરફ મોદી સરકાર ગબ્બર સિંહ ટેક્સથી વધુ વસૂલાતની તૈયારી કરી રહી છે. સાંભળવા મળી રહ્યું છે કે, જીએસટીથી સતત વધતી વસૂલી વચ્ચે સરકાર એક નવો ટેક્સ સ્લેબ લાવવા જઈ રહી છે. તમારી જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપર જીએસટી વધારવાની યોજના છે." રાહુલ ગાંધીએ લખ્યું કે, "થોડું વિચારો. હજુ, લગ્નની સિઝન ચાલી રહી છે. લોકો પાઈ-પાઈ એકઠી કરીને પૈસા ભેગા કરી રહ્યા હશે અને સરકાર આ વચ્ચે રૂા.૧૫૦૦થી ઉપરના કપડાં ઉપર જીએસટી ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરવા જઈ રહી છે. આ ઘોર અન્યાય છે. અરબપતિઓને ટેક્સમાં છૂટ આપવા અને તેમના મોટા મોટા દેવા માફ કરવા માટે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની મહેનતની કમાણીને ટેક્સ દ્વારા લૂંટવામાં આવી રહી છે. અમારી લડાઈ આ અન્યાય વિરૂદ્ધ છે. સામાન્ય લોકો ઉપર પડી રહેલા ટેક્સના માર વિરૂદ્ધ અમે મજબૂતીથી અવાજ ઉઠાવીશું અને આ લૂંટને રોકવા માટે સરકાર ઉપર પ્રેશર બનાવીશું." રાહુલ ગાંધીની આ પોસ્ટ બાદ ફરી એકવાર જીએસટીને લઈને ચર્ચા શરૂ થઈ ચૂકી છે.

## રૂપિયાનું સતત ધોવાણ રોકો : અ.ધ.ધ.ધ. મોંઘવારીને કોઈક તો અટકાવો

અમદાવાદ તા.૧૦

કેન્દ્રમાં યુપીએની સરકાર હતી અને અર્થશાસ્ત્રી એવા ડો. મનમોહનસિંઘ વડાપ્રધાન હતા ત્યારે ડોલરની સામે રૂપિયો ૭૫ની તત્કાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો ત્યારે તે વખતે વિપક્ષમાં રહેલા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્રૂર કટાક્ષ કર્યો હતો કે ડોલરની સામે રૂપિયો મનમોહનસિંઘની ઉંમરને પણ પાર કરી જશે. જે તે વખતે તેમણે રૂપિયાના અવમૂલ્યનને દેશની આબરૂના અવમૂલ્યન સાથે પણ સરખાવ્યું હતું. જો કે, હવે કાળક્રમ બદલાયો છે. આજે વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદી છે અને રૂપિયાનું અભૂતપૂર્વ અધઃપતન સતત જારી છે. રૂપિયો તેના ઈતિહાસના સૌથી ભયંકર પતનના તબક્કામાં છે. લાખ પ્રયાસો કરવા છતાં મોદી સરકારથી કેમે કરીને રૂપિયો સચવાતો નથી. વડાપ્રધાન પદે મોદીની આ ત્રીજી ટર્મ છે અને આ દરેક ટર્મમાં રૂપિયાનું અવમૂલ્ય થયું છે અને દરેક ટર્મમાં તે સતત નીચે જ જઈ રહ્યો છે ત્યારે વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક સત્તા બનવાની અને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી સાથે વિકસિત રાષ્ટ્ર બનવાની વાતો એ માત્ર સપના જેવી જ લાગે છે. કેમ કે દેશની આર્થિક સ્થિતિ સતત કથળતી જઈ રહી છે. મોંઘવારી ભયંકર સપાટીનો રેકોર્ડ દરરોજ તોડી રહી છે. દેશમાં અસંતુલન એટલુ વધી ગયું છે કે ગરીબ વધુને વધુ ગરીબ થઈ રહ્યો છે અને અમીર વધુને વધુ અમીર થઈ રહ્યો છે. દેશની અડધાથી વધુ વસ્તી તો મફત સરકારી અનાજ ઉપર નભી રહી છે. ચૂંટણીઓમાં વિજય તો રેવડીઓની લ્હાણી અને કોમવાદ જેવા મુદ્દાઓ ઉપર મેળવાઈ રહ્યા છે. વાસ્તવિક મુદ્દાઓને તો સરકાર હાથ પણ લગાવી રહી નથી ત્યારે આગામી દિવસો આર્થિક મોરચે ભારે અમંગળના એંધાણ આપી રહ્યા છે છતાં સરકાર તો પ્રચારના પિપૂડાં જ વગાડવામાં વ્યસ્ત છે. ડોલર સામે રૂપિયાની કિંમતમાં ઘટાડો થવાને કારણે અર્થતંત્રને બહુ મોટો ફટકો પડ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં કુલ સ્થાનિક ઉત્પાદન ઘટીને ૫.૪ ટકા થયું છે. મેન્યુફેક્ચરિંગ અને આઠ મોટા ઔદ્યોગિક ક્ષેત્રોમાં સૌથી ખરાબ પ્રદર્શન રહ્યું છે. જથ્થાબંધ અને છૂટક ફુગાવો તેના ઉચ્ચ સ્તરે રહે છે. વિદેશી મુદ્રા ભંડાર સતત ઘટી રહ્યો છે. આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ ચિંતા વધી છે કારણ કે ડોલર સામે રૂપિયાની કિંમત ૮૪.૭૬ની અત્યાર સુધીની સૌથી નીચલી સપાટીએ પહોંચી ગઈ છે. રૂપિયાના મૂલ્યમાં ઘટાડાની સીધી અસર સામાન્ય ગ્રાહકના ખિસ્સા ઉપર પડે છે. લોકો પહેલાથી જ મોંઘવારીનો સામનો કરી રહ્યા છે, હવે તેમાં વધારો થશે. કારણ કે ક્રૂડ ઓઈલથી લઈને ખાદ્યતેલ, દવાઓ માટેનો કાચો માલ વગેરે ઘણી બધી વસ્તુઓ બહારથી આયાત કરવી પડે છે, જેની ચુકવણી ડોલરમાં કરવી પડે છે. ત્યારે વિદેશ પ્રવાસ અને વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર ખર્ચનું ભારણ પણ વધશે. રૂપિયાના મૂલ્યમાં ઘટાડાનું મુખ્ય કારણ હાલમાં ડૉલરની મજબૂતી અને નવા ચૂંટાયેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બ્રિક્સ દેશો ઉપર ૧૦૦ ટકા ડ્યૂટી લાદવાની ધમકીને માનવામાં આવી રહી છે. પરંતુ લાંબા સમયથી રૂપિયાના મૂલ્યમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે સરકાર વિદેશી મુદ્રા ભંડોળ દ્વારા આ નરમાઈને ઘટાડવાનો પ્રયાસ કરતી રહી, પરંતુ તે નિષ્ફળ સાબિત થઈ છે. તેનું એક કારણ વધતી જતી મોંઘવારી છે, જે રિઝર્વ બેન્ક દ્વારા ઊંચા રેપો રેટ લાદવા છતાં અંકુશમાં નથી આવી રહી. ત્યાર બાદ જ્યારથી અમેરિકી ડોલર મજબૂત થવા લાગ્યો છે અને ટ્રમ્પ પ્રમુખ તરીકે ચૂંટાયા છે, વિદેશી રોકાણકારો ભારતમાંથી અમેરિકા તરફ વળ્યા છે. નિકાસ વધારવી એ સરકાર સામે મોટો પડકાર છે. પરંતુ હજુ પણ વાસ્તવિકતાથી આંખ આડા કાન કરવાનો પ્રયાસ જોવા મળે છે. કેન્દ્રમાં યુપીએ સરકાર હતી ત્યારે ભાજપ ક્યારેય એવું કહેતા થાકતો ન હતો કે રૂપિયાનું ઘટતું મૂલ્ય તેની આબરૂના ધોવાણની નિશાની છે પરંતુ હવે ભાજપ જ સતત સત્તામાં છે છતાં રૂપિયાની આબરૂ સાચવવામાં સતત નિષ્ફળ જઈ રહ્યો છે.

# સીરિયાની સૈદનાયા જેલમાં સામૂહિક ફાંસી અને કેદીઓને ત્રાસ : સીરિયાનું 'માનવ કતલખાનું'

**એમ્નેસ્ટીના અંદાજ મુજબ સપ્ટેમ્બર ૨૦૧૧ અને ડિસેમ્બર ૨૦૧૫ વચ્ચે સૈદનાયા ખાતે ૫૦૦૦થી લઈને ૧૩,૦૦૦ લોકોની હત્યા કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૧૦

આજે ૧૩ વર્ષના બળવા પછી સીરિયામાં બશર અલ-અસદ શાસનને ઉથલાવી દેવામાં આવ્યું છે અને બળવાખોરોએ દમાસ્કસ, હમા અને અલેપ્પોની નજીકની સરકારી જેલોમાં વર્ષોથી બંધ કેદીઓને મુક્ત કર્યા હતા. આ જેલોમાં સૌથી કુખ્યાત સૈદનાયા જેલ છે, જેને 'માનવ કતલખાનું' તરીકે ઓળખવામાં આવે છે. યુકે સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સના ૨૦૨૧ના અહેવાલ મુજબ સીરિયન શાસનની જેલોમાં ૧ લાખથી વધુ લોકોને ફાંસી આપવામાં આવી છે અથવા તેઓ મૃત્યુ પામ્યા છે. તેમાંથી સૈદનાયામાં ૩૦,૦૦૦થી વધુ લોકોની હત્યા કરવામાં આવી છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલની તપાસમાં જાણવા મળ્યું છે કે, ૨૦૧૧થી સૈદનાયા ખાતે હત્યા, ત્રાસ, ગાયબ થવું અને નરસંહાર આચરવામાં આવ્યા છે. એમ્નેસ્ટી રિપોર્ટ કહે છે કે, સૈદનાયા લશ્કરી જેલમાં બે અટકાયત કેન્દ્રો હતા. ૨૦૧૧માં બળવો શરૂ થયો ત્યારથી લાલ ઈમારતમાં નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને એક સફેદ ઈમારતમાં વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા બદલ ઓફિસો અને સૈનિકોને રાખવામાં આવ્યા હતા. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, લાલ ઈમારતમાં હજારો કેદીઓને ગુપ્ત ફાંસીની સજા આપવામાં આવી છે. અટકાયતીઓને કહેવામાં આવે છે કે, તેઓને નાગરિક જેલમાં સ્થાળાંતરિત કરવામાં આવશે, તેના બદલે તેમને લાલ બિલ્ડિંગના ભોંયરામાં એક કોટડીમાં લાવવામાં આવે છે, જ્યાં તેઓને મધ્યરાત્રિમાં બે કે ત્રણ કલાકમાં સખત માર મારવામાં આવે છે, તેઓને આંખે પાટા બાંધવામાં આવે છે અને ડિલિવરી ટ્રક અથવા મિનિબસમાં સફેદ બિલ્ડિંગમાં સ્થાળાંતરિત કરવામાં આવે છે, ત્યાં તેમને ભોંયરામાં એકરૂમમાં લઈ જવામાં આવે છે અને ફાંસી આપવામાં આવે છે. આવું અઠવાડિયામાં એક કે બે વાર થાય છે અને દરેક પ્રસંગે ૨૦થી ૫૦ લોકોને ફાંસી આપવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન પીડિતોની આંખ ઉપર પટ્ટી બાંધવામાં આવે છે. તેમને માત્ર એટલું જ કહેવામાં આવે છે કે, તેમને મૃત્યુદંડની સજા આપવામાં આવી છે. પીડિતોના મૃતદેહોને ટ્રકમાં લોડ કરવામાં આવે છે, નોંધણી માટે તિશરીન હોસ્પિટલમાં સ્થાળાંતરિત કરવામાં આવે છે અને સામૂહિક કબરોમાં દફનાવવામાં આવે છે. એમ્નેસ્ટી રિપોર્ટ જેલમાં કામ કરનારા લોકો સાથે વાત કર્યા પછી અને અટકાયતમાં લેવાયેલા લોકોના સાક્ષી પુરાવાઓ પછી તૈયાર કરવામાં આવ્યો હતો, એવો અંદાજ છે કે, સપ્ટેમ્બર ૨૦૧૧ અને ડિસેમ્બર ૨૦૧૫ વચ્ચે સૈદનાયા ખાતે ૫૦૦૦થી લઈને ૧૩,૦૦૦ લોકોને અન્યાયી રીતે ફાંસી આપવામાં આવી હતી.એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ પાસે ડિસેમ્બર ૨૦૧૫ પછી ફાંસીની સજાના પુરાવા નથી. એવું માનવામાં આવે છે કે, ડિસેમ્બર ૨૦૧૫પછી હજારો વધુ લોકોને ફાંસી આપવામાં આવી હોવાની શક્યતા છે. એમ્નેસ્ટીના અહેવાલ મુજબ સૈદનાયા ખાતે ફાંસીની પ્રક્રિયા ગુપ્ત હતી અને તે ફક્ત અધિકારીઓને અને ઉચ્ચ સ્તરીય સીરિયન અધિકારીઓને જ જાણ હતી. રેડ બિલ્ડિંગમાં કલેક્શન પ્રક્રિયા અને મારપીટની દેખરેખ રાખનારા રક્ષકોને પણ સામાન્ય રીતે ખબર હોતી નથી કે અટકાયતીઓને મધ્યરાત્રિએ સફેદ બિલ્ડિંગમાં સ્થાળાંતરિત કર્યા પછી શું થાય છે. એમ્નેસ્ટીના અહેવાલમાં જણાવાયું છે કે, સૈદનાયા ખાતેની લાલ બિલ્ડિંગમાં અટકાયતમાં લેવાયેલા લોકોને સામાન્ય રીતે ગંભીર માર મારવા અને જાતીય હિંસા દ્વારા, નિયમિતપણે યાતના આપવામાં આવે છે. તેઓને પૂરતો ખોરાક, પાણી, દવા, તબીબી સંભાળ આપવામાં આવતી નથી જેના કારણે ચેપ અને રોગનો ફેલાવો થયો છે. ટોર્ચર સત્રો દરમિયાન પણ મૌન સમય લાગુ કરવામાં આવે છે. ઘણા અટકાયતીઓ મનોવિકૃતિ જેવી ગંભીર માનસિક બીમારીઓ છે. અહેવાલમાં જણાવાયું છે કે, સૈદનાયા અટકાયતીઓને સત્તાધિકારીઓ મહત્તમ શારીરિક અને માનસિક વેદના આપે છે. સીરિયામાં શાસન પરિવર્તન વચ્ચે, બળવાખોર લડવૈયાઓએ સૈદનાયા સહિતની જેલો ઉપર નિયંત્રણ મેળવ્યું છે અને અટકાયતીઓને મુક્ત કર્યા છે. વાયરલ થયેલો એક વીડિયો બતાવે છે કે, કથિત રીતે સૈદનાયામાંથી એક વ્યક્તિ મુક્ત થયો છે. બળવાખોરો તેને તેના પરિવાર વિશે પૂછે છે ત્યારે તે આશ્ચર્યચકિત દેખાય છે અને બોલવા માટે સંઘર્ષ કરે છે. સીરિયન નેટવર્ક ફોર હ્યુમન રાઈટ્સના સ્થાપક ફદેલ અબ્દુલઘાનીએ જણાવ્યું હતું કે, રાજકીય કેદીઓની મુક્તિની ઉજવણી થવી જોઈએ પણ કેદીઓની આ રીતે મુક્તિને લીધે નોંધપાત્ર જોખમ વધી શકે છે.

# પૂર્વ જન્મનું કોઈ ઋણ ચૂકવતા હોય એમ માતા સમાન ભાભીને કિડનીનું દાન આપી દિયરે નવજીવન આપ્યું




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૦

આજના ઘોર કળીયુગમાં માય ફેમીલીમાં અમે બે અને અમારો એક કે બે ની બનતી જતી આધુનિક સમાજમાં પરિવાર કોને કહેવાય અને લોહીના સંબંધોમાં પારિવારિક એકતા, સમર્પણ અને સંસ્કાર સમાન કિસ્સો સામે આવ્યો છે. જે આજના સમાજમાં જરૂરત સમયે અંગદાન કરી જીવન બચાવવાની જાગૃતિ આવે એવી અનુકરણીય પ્રેરણાદાયી મિશાલ સમાન છે.

વાત કઈ એમ છે, ગીર સોમનાથ જિલ્લાના ગિરગઢડા તાલુકાના જુના ઉગલા ગામના વતની અને હાલ સેલવાસ, દાદરા નગર હવેલી સ્થાયી થયેલ ગોવિંદભાઈ વસ્તાભાઈ ગોહિલ પરિવારના બીજા નંબરના પુત્ર એવા શૈલેષભાઈ ગોહિલ (ઉ.વ.૪૧)ના પત્ની મનીષાબેન (ઉ.વ.૩૫) જે ઉનાના અગ્રણી વેપારી અને શ્રી મારૂ કુંભાર સમાજ ઉનાના પ્રમુખ એવા મણીલાલભાઈ ભગવાનભાઈ નંદવાણા પુત્રી છે.

શૈલેષભાઈ અને પત્ની સાથે ૧૩ વર્ષના પુત્ર સાથે સેલવાથી નોકરીમાં સારા પ્રમોશન અને ઉજ્જવળ ભવિષ્યની આશાઓ સાથે અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આઠ વર્ષ પહેલાં સ્થાઈ થયા. ખુબજ હસી ખુશી ખુશહાલ જીવન જીવતા પરિવારમાં છ મહિના પહેલા જાણે અચાનક કુદરત પરીક્ષા લેતો હોય એમ જૂન ૨૦૨૪ માં મનીષાબેનને પહેલી વખત બેચાર દિવસના માથાના દુઃખાવા અને BP ની તકલીફ બાદ ચેકપ કરાવતા બન્ને કિડની ફેલ છે એવું ડોક્ટરે અચાનક જાહેર કરતા બન્ને પતિ-પત્નીની પગ નીચેથી ધરતી ખસવા સમાન આચકો લાગ્યો હતો.

કારણ કે બંને શરીરે એકદમ સ્વસ્થ, નિરોગી અને બંને શરીરની કાળજી પણ સારી રાખતા રેગ્યુલર કસરત, ખાવા-પીવામાં પરેજીને કારણે શરીરે એકદમ નિરોગી પરિવાર માટે આ વાત માનવામાં ના આવી કે આવું કેમ થઈ શકે. અંતે શૈલેશભાઈએ બંને પરિવારને જાણ કરી અને પછી અમદાવાદ સિવલ અને બીજા ઘણા ડોકટરોની મુલાકાત લીધી અને બધા રિપોર્ટ પછી ડોક્ટરોના કહેવા મુજબ આ કિડનીની ક્રોનિક બીમારી કહેવાય, જેની શરૂઆત મનીષાબેનને ૧૩ વર્ષ પહેલાં પહેલી પ્રેગ્નન્સીમાં BP વધઘટ અને ખેંચ આવવાના કારણે ઈન્ફેકટેડ થઈ હોય. અને શરૂવાતની સારવાર બાદ ક્યારેય વર્ષો સુધી કોઈ બીમારીના લક્ષણો દેખાયા નહીં.

બધા નિદાન બાદ કિડની ટ્રાન્સપ્લાન્ટ સિવાય કોઈ વિકલ્પ ન હતો. ડોક્ટરોના કહેવા મુજબ મનીષાબેનના પિયરના પક્ષે કિડનીના ડોનર મળે તો ખુબજ નજીકના ભવિષ્યમાં ટ્રાન્સપ્લાન્ટ પછી ફરી હસતા રમતા થઈ જશે. જન્મદાતા તરીકે માતાપિતાએ કિડની આપી દિકરીને નવજીવન આપવા ઈચ્છા જણાવી, પણ માતા-પિતાની ઉંમર અને વર્ષોથી અલગ અલગ બીમાંરીઓની દવાઓ ચાલુ હોવાથી ડોનર તરીકે યોગ્ય ન હતા. બહેનો અને એકના એક ભાઈની ઈચ્છા છતાં બ્લડ ગ્રુપ અને મેડિકલ રિપોર્ટ મેચ ના થતા. સાસુ - સસરા પણ મોટી ઉંમરના કારણે યોગ્ય ન હતા અને જીવનસાથી તરીકે પત્ની માટે શૈલેષભાઈ પહેલેથી જ તૈયાર હતા અને એમના બધા રિપોર્ટ કરવામાં આવ્યા જે પણ મેચિંગ ના થતા. બંને પરિવાર મુંઝવણ ભરી સ્થિતિમાં અઠવાડિયામાં ત્રણ વાર ડાયાલીસીસ અને કોઈ આકસ્મિક કિડની દાતા મળે એ આશાએ ભવિષ્યની ચિંતા અને આર્થીક રીતે ઘસાઈ રહ્યાં હતાં.

શૈલેષભાઈના નાનાં ભાઈ એવા સંતોષભાઈ ગોહિલની તૈયારી હતી જ પણ મોટાભાઈ તરીકે શૈલેષભાઈને એમનું ભવિષ્યના જીવનને જોખમમાં મૂકવું યોગ્ય ન લાગતું હતું, પણ ભાઈ ભાભીની તકલિફ પોતાના પરિવારની તકલીફ જ હતી જે માટે સંતોષભાઈની તૈયારી હતી કે આપણે કોઈ એક્સિડન્ટમાં કિડનીના ડોનરના ભરોસે નથી બેસવું, હું તૈયાર છું.

આવા સમયે એમનાં જીવનસાથી તરીકે પત્નીની સહમત કેમ થાય એ મુદ્દો હતો, પણ કહેવાય ને પતિની જેમ જ પરિવારની માટે અને બહેન સમાન જેઠાણીની જિંદગી માટે હિંમતભેર પતિની પહેલમાં ખરા અર્થમાં અર્ધાંગિની બન્યા, જેમણે નાની ઉંમરમાં માતા-પિતાને બીમારીમાં ગુમાવ્યા હોય એ બીજાના દુઃખને સમજતા વાર ન લાગે એવા ગોમતીબેન સંતોષભાઈ ગોહિલ, પુત્રી સ્વ. કંચનબેન, સ્વ.કાળુભાઈ જેઠાભાઈ ભીલવાળાની દિકરી જેના મોટા બાપા એવા ગીર સોમનાથ અને ઉના તાલુકાના ભીષ્મપિતા સમાન, સ્વ.લખમણભાઈ જેઠાભાઈ ( આતા ) ની દિકરી ગોમતીબેને બન્ને કુળને ઉજ્જળું કર્યું તેને સો સો સલામ છે.

ગોમતી બેન અને સંતોષભાઈની મકકમતા સાથે કિડની સ્પેશ્યાલિસ્ટ નેફ્રોલોજી ડો. ઉમેશ ગોધાણી અને યુરોલોજી ડો.દિપક જોશીની ટિમની ગાઈડલાઈન પ્રમાણે દરેક પ્રકારની મેડીકલી અને કાયદાકીય પ્રોસેસ પૂર્ણ થઈ અને બધા રિપોર્ટ મેચ થતા તા.૬/૧૨/૨૦૨૪ ના રોજ ટ્રાન્સપ્લાન્ટ ની તારીખ નક્કી થઈ.

પરિવારની આર્થિક સ્થિતિ પણ કહેવાય એવી સદ્ધર નથી કે એવી મૂડી બચત ન હોવાને કારણે પણ મુંઝવણ હતી, છેલ્લા છ મહિનામાં હોસ્પિટલમાં પરિવાર ઘણો ખર્ચાય ચુક્યો સાથે ઓપરેશનની તારીખ નક્કી થઈ એવામાં ૭/૮ લાખના ખર્ચને પહોંચી વળવા શૈલેષભાઈ નોકરી કરતા એ કંપનીનો ખુબજ સારો સાથ સહકાર રહ્યો અને બાકી શુભચિંતકોના સાથ સહકાર સાથે, અનુભવી નેફ્રોલોજી ગોલ્ડ મેડાલીસ્ટ ડૉ. ઉમેશ ગોધાણી અને ડો.દિપક જોશી ની ટિમ સાથે અમદાવાદની સેલબી હોસ્પિટલમાં તા.૬/૧૨/૨૪ ના રોજ સવારે ૬ થી ૧૧ ના પાંચ કલાક ચાલેલ ઓપરેશનમાં, સફળતા પૂર્વક દિયર સંતોષભાઈની કિડની એમના ભાભી એવા મનીષાબેનમાં ટ્રાન્સપ્લાન્ટ કરી ડોકટરોની ટીમે નવજીવન આપ્યું છે. આજે આ લખાય છે ત્યાં સુધી ડોનર અને પેશન્ટ બંનેની તબીયત સ્વસ્થ છે અને ખુબજ સારી રિકવરી સાથે સ્વસ્થ થઈ રહ્યાં છે.

આ કિસ્સામાં સમાજે પ્રેરણાદાયી સંદેશ લેવા જેવો એ કે પરિવારમાં ખરેખર લોહી, લાગણીના સબંધની હૂંફ હોય ને તો દરેક મુસીબતમાંથી બહાર નીકળી શકાય છે. ધન્યવાદ છે ગોહિલ પરિવારને જેમના યુવાન દિકરાએ કિડની ઓર્ગન ડોનર બની ઘરની કુળવધુ, માં સમાન ભાભીને નવજીવન આપ્યું અને ધન્ય છે એમનાં ધર્મપત્નીને જેમણે પત્ની તરીકેનો સાથ નિભાવી બે બે કુળને ઉજ્જળા કર્યા. જ્યાં નાની નાની વાતોમાં મારૂ તારૂ કરી પરિવાર તૂટી રહ્યા છે, વર્ષો સુધી વેરઝેર રાખય છે. જરૂરતમંદને એક બોટલ લોહી આપતા પણ ખચકાય છે, બ્રેન ડેડ સમયે પણ ઓર્ગન ડોનેટ કરવામાં પરિવાર ખચકાતા હોય એવાં કળીયુગમાં સમાજ માટે દીવાદાંડી સમાન છે.

# રાજકોટ ખાતે પૂ.મોરારીબાપુના હસ્તે ડો.યશવંત ગોસ્વામીના પાંચ પુસ્તકોનું વિમોચન થયું

## ધાર્મિક પુસ્તકો ફ્રી- અન્ય પુસ્તકો પડતર કિંમતથી પણ ઓછી કિંમત અપાશે



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૦

રાજકોટ ખાતે આયોજીત રામકથા દરમ્યાન તા.૨૭ નવે.ના રોજ સોમેશ્વર મહાદેવના સાંનિધ્યમાં આર્ષ વિદ્યા મંદિર ખાતે કણસાગરા મહિલા કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ અને NSS પ્રોગ્રામ ઓફીસર ડો. યશવંત ગોસ્વામીના પાંચ પુસ્તકોનું વિમોચન પૂ. મોરારીબાપુ અને પૂ.સ્વામી પરમાત્માનંદજી સરસ્વતીના વરદ્‌હસ્તે રાજકોટના ઉદ્યોગપતિઓ, શિક્ષણશાસ્ત્રીઓ, વિવિધ સંસ્થાના ટ્રસ્ટીઓ અને સમાજ શ્રેષ્ઠીઓ અને સાધુ-સંતોની પ્રેરક હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ પાંચ પુસ્તકોમાં બે ધાર્મિક પુસ્તકો 'શિવ અમૃતવાણી' અને 'મહામહિમ મહાદેવ' બે NSSના પુસ્તકો 'રાષ્ટ્રીય સેવા યોજના'-પરિચય પ્રવૃતિ-મહત્ત્વ અને રાષ્ટ્રનું ધબકતું હૃદય NSS અને એડ નવલકથા 'થાકી ગયેલી સવાર'નો સમાવેશ થાય છે.

પુસ્તક પ્રકાશનનો હેતુ આર્થિક ઉપાર્જનની નહીં પરંતુ લોકોમાં ધાર્મિક અને રાષ્ટ્રીય ચેતના અને સંસ્કાર જાગૃત કરવાની સાથે નવલકથા દ્વારા આજની સ્વચ્છંદ અને આધુનિક નારીને સાવધાન કરવાનો છે. આ તમામ યુસ્તકો લાયબ્રેરીમાં ફ્રી અપાશે. અને પુસ્તકો પડતર કિંમતથી પણ ઓછી કિંમતે અપાશે. NSS અને નવલકથાના રૂા.૬૦૦ ત્રણ પુસ્તકો માત્ર રૂા.૩૦૦માં અપાશે. સાથે ત્રણ ધાર્મિક પુસ્તકો ફ્રી અપાશે. તમામ પુસ્તકો ફોર કલર આકર્ષક લેમીનેટેડ ટાઈટલ સાથે પ્રકાશિત થયા છે. નવલકથામાં એક તરફ નારીની સંઘર્ષ કથા તો બીજી તરફ આધુનિક સ્વચ્છંદ નારીની કથાના માધ્યમથી નારી જીવનની વિવિધ સમસ્યાનું ચિત્રણ છે. આધુનિક નારી પાસે બધુંજ હોવા છતાં એને સવાર થાકી ગયેલી શા માટે લાગે છે એ માટે આ નવલકથા વાંચવી જ રહી. પુસ્તક મેળવવા માટે પ્રા.ડો.યશવંત ગોસ્વામી મો.નં. ૯૪૨૭૪ ૯૫૧૭૫નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# કલ્યાણપુર પંથકમાં થયેલી મોટી રકમની ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાયોઃ મુદામાલ કબજે



(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળીયા તા. ૧૦

કલ્યાણપુર તાલુકાના વીરપર ગામેથી તાજેતરમાં મોટી રકમના સોનાના દાગીનાની ચોરી થયેલો બનાવ સ્થાનિક પોલીસ મથકમાં નોંધાયો હતો. આ પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી અને સ્થાનિક એવા એક શખ્સને દબોચી લીધો હતો.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ કલ્યાણપુર નજીક આવેલા વીરપર ગામે રહેતા એક આસામીના બંધ રહેલા રહેણાંક મકાનમાં થોડા દિવસો પૂર્વે કોઈ અજાણ્યા તસ્કરોએ અનધિકૃત રીતે પ્રવેશ કરી અને ઘરમાં રાખવામાં આવેલા સોનાના ચેન, વીંટી, ચાંદીના સદરા, મંગલસૂત્ર, સહિતનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયાનો બનાવ નોંધાયો હતો. આ પ્રકરણ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલસીબી અને સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઘરફોડ ચોરી પ્રકરણમાં કોઈ જાણભેદુ હોવા અંગેની પણ પૂરી શક્યતા હોવાની દિશામાં પોલીસે તપાસ આદરી હતી. આ ચોરી પ્રકરણનો ભેદ ઉકેલવા માટે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, ભરતભાઈ ચાવડા, ડાડુભાઈ જોગલ, ખીમાભાઈ કરમુર તથા પ્રવીણભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના ઝાકસીયા અને બેહ ગામ વચ્ચેના ત્રણ રસ્તા વિસ્તારમાંથી મોટરસાયકલ પર પસાર થતા વીરપર ગામના મહેશ ઉર્ફે ચાકુ સુમાત કાના લગારીયા નામના ૨૬ વર્ષના શખ્સને પોલીસે ઝડપી લઈ, અને આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સે ઉપરોક્ત ચોરીનો ગુનો કબૂલ્યો હતો. ઉપરોક્ત શખ્સ તેના જી.જે. ૩૭ કે. ૯૮૩૮ નંબરના સ્પ્લેન્ડર મોટરસાયકલ પર ચોરીના દાગીના વેંચવા માટે ખંભાળિયા અથવા જામનગર જાય તે પહેલા પોલીસના હાથે ઝડપાઈ ગયો હોવાનું ખુલવા પામ્યું છે.

ઝડપાયેલા આ શખ્સ પાસેથી રૂપિયા અઢી લાખની કિંમતનું સોનાનું મંગલસૂત્ર, રૂા.૧,૭૮,૭૫૦ ની કિંમતનો સોનાનો હાર, રૂા.૧,૧૨,૪૭૯ ની કિંમતનો સોનાનો ચેન, રૂા. ૬૯,૦૦૦ ની સોનાની બે વીંટી, સોનાની ઈયરિંગ, સોનાનો રૂદ્રાક્ષનો પારો, સોનાનો દાણો, ચાંદીના સદરા સહિતના દાગીના ઉપરાંત રૂા.૧૦,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન અને રૂા.૫૦,૦૦૦ની કિંમતના મોટરસાયકલ સહિત કુલ રૂા.૧૩,૧૬,૮૧૯ નો મુદ્દા માલ કબજે કરી, તેની વિધિવત રીતે અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એસ.વી. કાંબલીયા, એસ.એસ. ચૌહાણ, કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડ, અરજણભાઈ મારૂ, ભરતભાઈ ચાવડા, હરપાલસિંહ જાડેજા, ડાડુભાઈ જોગલ, ખેમાભાઈ કરમુર, ગોવિંદભાઈ કરમુર, પ્રવીણભાઈ, પ્રકાશભાઈ, હસમુખભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

### માંગરોળ કોર્ટનો હુકમ

# ખોટા દસ્તાવેજો કરી સરકારી જમીન પચાવી પાડવાના કેસમાં ચાર આરોપીઓનો નિર્દોષ છુટકારો

માંગરોળ તા. ૧૦

ખોટા દસ્તાવેજો કરી સરકારી જમીન પચાવી પાડવાના કેસમાં ચાર આરોપીઓને નિર્દોષ છોડી મુકવા માંગરોળની કોર્ટે હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, સને ૨૦૦૮ માં માંગરોળ પોલીસ સ્ટેશને તે સમયના મામલતદાર આરતીબેન વ્યાસએ લેખિત ફરિયાદ આપેલ હતી કે, માંગરોળના જુદા જુદા સરકારી રેવન્યુ સર્વે નંબરોવાળી શ્રી સરકાર જમીનોને ખાનગી ખાતામાં ચડાવવા માંગરોળ મામલતદાર કચેરીના ઈ ધરા કોમ્પ્યુટર ઓપરેટર સાથે મીલાપી જઈ ખોટા દસ્તાવેજ અને ખોટા પુરાવા અને ખોટા રેકર્ડ ઉભા કરી તેને સાચા તરીકે ઉપયોગ કરી ખાનગી ખેડ ખાતામાં ચઢાવી દેવા બદલ (૧) ઈકબાલ આમદ પડાયા તથા (૨) ઈસ્માઈલ આમદ પડાયા તથા (૩) હાસમ હુસેન પડાયા એ રીતેના ખેડુતો તથા (૪) મામલતદાર કચેરી ના ઈધરા કેન્દ્રમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા ભરત કલ્યાણદાસ અગ્રાવત વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરેલ હતી.

આ પ્રકરણમાં જે તે સમયે મામલતદારશ્રીની ફરિયાદના આધારે કલેકટર જુનાગઢનાઓએ ચીટનીસ ટુ કલેકટરની અધ્યક્ષતામાં જુદા જુદા સરકારી અધિકારીઓ અને નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટર (એન.આઈ.સી.)ના જીલ્લાના વડા વગેરેની એક તપાસ ટીમ બનાવેલ હતી. તે તપાસ ટીમએ રેકર્ડ તપાસી કરેલ અહેવાલ અનુસાર મામલતદાર શ્રી માંગરોળ આરતીબેન વ્યાસએ ફરિયાદ કરેલ હતી. જે મુજબ જે તે વખતે તમામ આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન મેળવવા પડેલ હતા.

આ કેસની સને ૨૦૦૮ માં ચાર્જશીટ થતાં માંગરોળની કોર્ટમાં ચાલી જતાં માંગરોળના જયુડીશ્ય મેજીસ્ટ્રેટ સી.એમ. રાઠોડએ કેસમાં રજુ થયેલ ફરિયાદી આરતીબેન વ્યાસ તથા જુનાગઢ કલેકટર કચેરીના કર્મચારીઓ અને નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટર (એન.આઈ.સી.) ના જીલ્લાના વડા તેમજ અન્ય સરકારી અધિકારીઓ વગેરે મળી કુલ ૧૨ સાક્ષીઓ તથા ૪૭ જેટલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈને અને આરોપીઓ તરફે બચાવ પક્ષના વકીલોની ઉલટતપાસ તથા દલીલો ધ્યાને લઈને તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આરોપીઓને ૧૭ વર્ષ જેટલી લાંબી કાનૂની લડાઈ ને અંતે ન્યાય મળેલાનો આનંદ વ્યકત કરેલ છે. બચાવ પક્ષે આરોપી નં.૧,૨ તરફે વકીલ યુ. એમ. વન્ના તથા નં.૩ તરફે કે. બી. પરમાર તથા નં.૪ તરફે એચ. એમ. અધ્યારૂ રોકાએલ હતા.

# તમામ ખેત જણસીઓને ટેકાના ભાવથી ખરીદવાની જાહેરાતને દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ કિસાન મોર્ચા દ્વારા આવકાર

જામ ખંભાળિયા, તા. ૧૦

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શુક્રવારે સંસદમાં જાણવ્યું હતું કે દેશના ખેડૂતોની દરેક નાનામાં નાની જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવથી ખરીદશે. અત્રે ઉલ્લેનખનીય છે કે વર્ષ ૨૦૦૪માં બનેલ સ્વામીનાથન કમિશને પોતાનો છેલ્લો રિપોર્ટ ઓકટોબર ૨૦૦૬માં કેન્દ્રની તત્કાલીન યુ.પી.એ. સરકારને સુપ્રત કર્યો હતો અને એમાં ખેડૂતો માટે લાભદાયી અનેક ભલામણો હતી. કમનસીબે ૨૦૧૪ સુધી કેન્દ્રમાં શાસન કરી રહેલી UPA સરકારે સ્વામીનાથન કમિશન રિપોર્ટની ભલામણો સ્વીકારવી તો દૂર, વાંચવાની પણ તસ્દી લીધી નહોતી લીધી.

૨૦૧૪ માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષની સરકાર બનતા જ વડાપ્રધાન મોદીએ સ્વામીનાથન કમિશન રિપોર્ટની ભલામણો પર ગંભીરતા પૂર્વક કામ ચાલુ કર્યું અને એમ.એસ.પી. ગણવાની ફોર્મ્યુલા બદલીને ખર્ચના ૧.૫ ગણી એમ.એસ.પી. આપવાની શરૂઆત કરી હતી. માત્ર એટલું જ નહિ, પણ ટેકાના ભાવોની જાહેરાત ખેડૂત વાવણી કરે એ પહેલા થઈ જાય એ માટેની વ્યવસ્થાઓ પણ લાગુ કરી. પરિણામે ખેડૂતોને કયા પાકની વાવણી કરવી અને એનો ભાવ કેટલો મળશે એ અગાઉથી જ જાણકારી મળવા લાગી.

ખેડૂતોના હિતને સર્વોપરી માનતી ભાજપ સરકારે વધુ એકવાર ખેડૂતો માટે ખુબ જ મહત્વની જાહેરાત કરી છે. માત્ર ૨૨ મોટી જણસીઓ જ નહિ પણ ખેડૂતો પાસેથી તમામ જણસીઓ કેન્દ્ર સરકાર ટેકાના ભાવે ખરીદે એ માટેની જાહેરાત કૃષિમંત્રીએ કરી છે. જેને ખુબ આવકારદાયક ગણીને આ નિર્ણયને દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ કિસાન મોર્ચાના પ્રમુખ કિશોરસિંહ જાડેજા, મહામંત્રી કાનભાઈ કરમુર તેમજ કાનભાઈ ડાભીએ હર્ષભેર વધાવ્યો હતો અને જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પાણી અને વીજળીના યક્ષ પ્રશ્નોના સમાધાન કર્યા બાદ કેન્દ્રમાં પ્રધાનમંત્રી તરીકે સમગ્ર દેશના ખેડૂતોના ભલા માટે અનેકાનેક નિર્ણયો લીધા છે જેને કારણે ખેતી, ખેડૂત અને ગામડાં સમૃદ્ધ થયા છે.

# સોમનાથના ગીતા મંદિરે ઉજવાશે દિવ્ય ગીતા જયંતિ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

પ્રત્યેક યુગમાં માર્ગદર્શક બની રહેલ એવા શાશ્વત ગ્રંથ ભગવત ગીતાની ગીતા જયંતિ માગસર સુદ-૧૧ એ છે તેવા પાવન પર્વે સોમનાથના ગીતા મંદિર ખાતે પ્રતિ વર્ષ ગીતા જયંતિ ઉજવાય છે. જેમાં ગીતાજીના ગ્રંથનું વિશેષ ભાવથી પૂજન-આરતી અને ગીતા પાઠ કરાય છે. સોમનાથના ત્રિવેણી સંગમ ઘાટે આ ગીતા મંદિર આવેલું છે જેના પ્રત્યેક સ્થંભે ગીતાજીના અઢાર અધ્યાય અંકિત કરાયેલા છે. યુગાવતાર ભગવાન શ્રીકૃષ્ણનું પરમ સાક્ષાત સ્વરૂપે અહીં સ્વયં ભગવાનના ચરણથી આ ભૂમિ પાવન થઈ છે. ભગવાન શ્રીકૃષ્ણને લગતા ભાલકા તિર્થ બાણગંગા અને ભગવાન શ્રીકૃષ્ણ સંબંધીત મહિમાવંતી અનેક વાતો ધર્મગ્રંથોમાં વર્ણવાયેલી છે.

અહીંથી જ ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપ્રની અંતિમ લીલાનું સ્થાનથી ગોલોકધામ પ્રસ્થાન કર્યુ હતું. જૂનાગઢના સુખનાથ ચોકમાં પણ એક ગીતા મંદિર આવેલું છે જે રાજાશાહીના વખતનું હોવાનું મનાય છે. સ્વાધ્યાય પરિવાર પણ ગીતાજીના પાઠ અને પ્રવચન-સત્સંગ ગીતા જયંતિ ઉપલશ્રયમાં યોજાતો રહે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની એક દિવસીય ચિંતન શિબિરને જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોરના હસ્તે ખુલ્લી મુકાઈ

**આસ્થાના કેન્દ્ર દ્વારકા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લાનો ચો તરફ વિકાસ કરવાના ઉમદા ભાવ સાથે જિલ્લા કક્ષાની ચિંતન શિબિરનું આયોજન કરાયું : ચિંતન શિબિરમાં પ્રજાહિત લક્ષી સેવા વધુ સુદ્રઢ બનાવવા માટે અધિકારીઓએ મુક્ત મને પોતાના વિચારોનું કર્યું આદાન પ્રદાન : ચિંતન શિબિરમાં જિલ્લાને પ્રવાસન ક્ષેત્રે રાજ્યમાં અગ્રેસર બનાવવા માટે અધિકારીઓએ મનોમંથન કર્યું**



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાનો ચો તરફ વિકાસ કરવાના ઉમદા ભાવ સાથે જિલ્લાના અધિકારીઓની ચિંતન શિબિરનું આયોજન આસ્થાના કેન્દ્ર દ્વારકા ખાતે કરવામાં આવ્યું હતું. એક દિવસીય ચિંતન શિબિરમાં સરકારના લોકહિતકારી યોજના અને અભિયાનો વધુ અસરકારક બનાવી પ્રજાહિત લક્ષી સેવા વધુ સુદ્રઢ બનાવવા માટે અધિકારીઓએ મુક્ત મને પોતાના વિચારોની આપ-લે કરી હતી. તેમજ દ્વારકા જિલ્લાને પ્રવાસન ક્ષેત્રે રાજ્યમાં કેવી રીતે અગ્રેસર લઈ જઈ શકાય તે માટે પણ અધિકારીઓએ મનોમંથન કર્યું હતું. ચિંતન શિબિરના આરંભે જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોરે સર્વે અધિકારીઓને 'મેં નહિ હમ ના' ભાવ સાથે એક ટીમ થઈ વર્ક કરી દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન અને અન્ય ક્ષેત્ર વિકાસ કાર્યો કરીને જિલ્લાને રાજ્યમાં અગ્રેસર બનાવવાનું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસનની હારમાળા રચી શકાય તેટલી ઉમદા તકો છે. દ્વારકાધીશ ભગવાનનું મંદિર આજે સમગ્ર વિશ્વમાં સૌથી મોટું આસ્થાનું કેન્દ્ર છે. આ આસ્થાના કેન્દ્ર ખાતે આવતા નાગરિકોને કેવી રીતે જિલ્લાના પૌરાણિક અને ધ્યાકર્ષિત સિગ્નેચર બ્રિજ, બેટ દ્વારકા, શિવરાજપુર બીચ અને બરડાની જંગલ સફારી તરફ લઈ જઈ શકાય તેનું મનોમંથન આ ચિંતન શિબિરમાં કરવા માટે સર્વે અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. જિલ્લાના અધિક નિવાસી કલેકટર ભૂપેશ જોટાણીયાએ જણાવ્યું હતું કે, જન કલ્યાણ અને લોકસેવાએ સરકારનો ધ્યેય મંત્ર છે અને નાના કર્મચારીથી માંડીને કલેકટર સુધી સૌ તે દિશામાં અહર્નિશ કાર્યરત છે. તેમણે વ્યક્તિગત જીવનમાં પણ ચિંતનના લાભાલાભ સમજાવતા કહ્યું હતું કે, સૌએ ચિંતનની આદત કેળવી જ જોઈએ અને દિવસભરના કામોનું આત્મમંથન પણ દિવસના અંતે કરવું જોઈએ, આના પરિણામે આપણા વાણી, વર્તન, વ્યવહાર અને કામકાજની પદ્ધતિમાં જે બદલાવ આવશે, તે જન કલ્યાણ કામો માટે અને જિલ્લાના પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે કેવી રીતના ઉપયોગી બની રહેશે, તેની પણ દ્રષ્ટાંતપૂર્વક વાત કરી હતી. દ્વારકાના પ્રાંત અધિકારી એ.એસ.આવતે એક દિવસીય ચિંતન શિબિરની રૂપરેખા આપી સૌને ચિંતન શિબિરમાં આવકારી જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં શરૂ કરાયેલ ચિંતન શિબિર થકી થયેલ મનોમંથનથી આજે વહીવટી તંત્ર દ્વારા રાજ્યમાં અનેક યોજનાઓની સફળ અમલવારી શક્ય બની છે. આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસન ક્ષેત્રના વિકાસને રાજ્યમાં અગ્રેસર બનાવવા માટે ખૂટતી કડીઓ જોડવા માટેનું ચિંતન આપણે સૌ એકઠા થઈને કરીશું. આપના દ્વારા રજુ કરાયેલ નાનકડો વિચાર પણ જિલ્લાના પ્રવાસન ક્ષેત્રના વિકાસમાં પાયાની ભૂમિકા અદા કરી શકે છે, જેથી પોતાના વિચારોને મુક્ત મને રજૂ કરવા માટે સર્વે અધિકારીઓને જણાવ્યું હતું. આસ્થાના કેન્દ્ર દ્વારકા ખાતે યોજાયેલ ચિંતન શિબિરમાં જિલ્લાના અધિકારીઓની પ્રાંત અધિકારી ખંભાળિયા તથા પ્રાંત અધિકારી દ્વારકા નેતૃત્વમાં બે ટીમ બનાવી જિલ્લાના પ્રવાસન ક્ષેત્રમાં રહેલ વિકાસની વિપુલ તકો વિશે વિસ્તૃત મનોમંથન કરવામાં આવ્યું હતું. સાતત્યપૂર્ણ અને મક્કમ ચર્ચાઓ નિષ્કર્ષ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેની માહિતી આપતા પ્રાંત અધિકારી જણાવ્યું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન સ્થળો વિકાસ થતાં પ્રવાસન હબ બનવા તરફ જઈ રહ્યું છે ત્યારે જિલ્લાના નાગરિકોની સુખાકારી અને કલ્યાણ માટે માળખાગત સુવિધાઓ અને ઈઝ ઓફ લિવિંગ સરળ બને તેવી તમામ બાબતો જેવી કે, સ્વચ્છતા, પાણી, વેસ્ટ મેનેજમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજળી સહિત ઉત્તમ સુવિધાઓ સુદ્રઢ બનાવવા માટે ચર્ચાઓ કરવામાં આવી હતી. જ્યારે પ્રાંત અધિકારી ખંભાળિયા નેતૃત્વ હેઠળની ટીમ દ્વારા યાત્રાધામ દ્વારકા સિવાય ખંભાળિયા તથા ભાણવડ તાલુકાઓમાં રહેલા પ્રવાસન સ્થળો વિકાસ તમામ સ્તરે સર્વ સમાવેશી વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ તકે ચિંતન શિબિરમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરાપુર ગામે લશ્કરની ટ્રેનિંગ પુરી કરી માદરે વતન પરત આવતા ભવ્ય સ્વાગત કરાયું



(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર, તા.૧૦

માળીયા હાટીના તાલુકાના અમરાપુર ગામે લશ્કરની ટ્રેનિંગ પૂરી કરી રાજ મુકેશભાઈ ધુળા માદરે વતન પરત આવતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ માળીયા હાટીનાના અમરાપુર ગામે સામાન્ય પરિવારના મુકેશભાઈ મુંજાભાઈ ધુળાનો પુત્ર રાજ લશ્કરમાં જોડાઈ હૈદરાબાદ ખાતે પોતાની ટ્રેનિંગ પૂરી કરી માદરે વતન પરત ફરતા સમાજના આગેવાનો સાથે સરપંચ ભયલુભાઈ સોલંકી કારડીયા રાજપૂત સમાજના અગ્રણી બાબુભાઈ ડોડીયા. તાલુકા પંચાયત સદસ્ય વલ્લભભાઈ કળથીયા સહિતના તમામ સમાજના આગેવાનો એ ઉપસ્થિત રહી અમરાપુર બસ સ્ટેન્ડથી આર્મી જવાના નિવાસસ્થાન સુધી ડીજેના તાલે ભારત માતાની જયના નારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ ધુળાના પિતા કડિયા કામનો વ્યવસાય કરી પોતાના પુત્રને લશ્કર જોડાઈ મા ભોમની રક્ષા કરવાની પ્રેરણા આપતા તેઓ પણ આજે તેમનો પુત્ર આર્મીની ટ્રેનિંગ પૂરી કરી માદરે વતન પરત ફરતા ખૂબ જ આનંદ અનુભવી રહ્યા છે. આર્મી જવાન રાજ ધુળાનું ઉપસ્થિત તમામ સમાજના આગેવાનોએ ઉષ્મા ભેર સ્વાગત કરી મા ભોમની રક્ષા કરવા લશ્કરમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# બાંગ્લાદેશમાં હિન્દુ ઉપર થતા અત્યાચાર સામે દ્વારકામાં હિન્દુ એકતા મંચ દ્વારા વિશાળ રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

છેલ્લા કેટલાક સમયથી ભારતના પાડોશી બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર અનેક પ્રકારના અત્યાચારો થઈ રહ્યા છે. સનાતન ધર્મ સંસ્કૃતિને નષ્ટ કરવા માટેના બાંગ્લાદેશમાં અનેક કાવતરાઓ થઈ રહ્યા છે. જેનો વિરોધ સમગ્ર ભારત દેશમાં ઠેર-ઠેર થઈ રહ્યો છે ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના યાત્રાધામ દ્વારકામાં ગઈકાલે હિન્દુ એકતા મંચ દ્વારા વિરોધ પ્રદર્શનના ભાગરૂપે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો, મહંતો, આર.એસ.એસ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહિની, બ્રહ્મ સમાજ, વેપારી મંડળ, યોગ પરિવાર સહિત અનેક સનાતનની સંગઠનના સભ્યોએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. દ્વારકા સ્વામિનારાયણ સંપ્રદાયના કેપી સ્વામીજી, શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી કૃષ્ણાનંદપુરીજી મહારાજ, મોહનભાઈ સોનગરા, પાંચાભા સુમણીયા, ગિરધરભાઈ જોશી, નયનાબા રાણા, કિશોરભાઈ પાઢ, ધનાભા જડિયા, ભાર્ગવભાઈ ભટ્ટ, સન્નીભાઈ પુરોહિત સહિત અનેક સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દ્વારકા ઈસ્કોનગેટથી શરૂ કરેલ રેલી કકલાસકુંડ રોડ, શિવરાજસિંહ રોડ, ભથાણ ચોક, શ્રીરામ બજાર, મંદિર ચોક, જોધાભા માણેક ચોક, તીન બત્તી ચોક, હોમગાર્ડ ચોક થઈ પ્રાંત અધિકારીની કચેરીએ પૂર્ણ થઈ હતી.

જ્યાં દ્વારકા પ્રાંત અધિકારીને આવેદન આપવામાં આવ્યું હતું અને બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થતા અત્યાચારને રોકવા માટે સરકારને નિવેદન કરવામાં આવ્યું હતું .અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે રવિવાર રજાનો દિવસ હોવા છતાં પણ દ્વારકા પ્રાંત અધિકારી દ્વારા કચેરી ઉપર હાજર રહી આવેદન સ્વીકારવામાં આવ્યું હતું જે પ્રશંસનીય કામગીરી કહી શકાય.

# જાણો વાર પ્રમાણે આવતા પ્રદોષ વ્રતનું મહત્વ

પ્રદોષ વ્રત રહેવાથી જીવનને દરેક મુસીબતો દૂર થાય છે. પ્રદોષ વ્રતનું મહત્વ ઘણું છે. જીવનમાં કોઈ પણ પ્રોબ્લેમ હોય તેના નિવારણ માટે એક વર્ષ સુધી પ્રદોષ વ્રત રહેવું જોઈએ. ગુજરાતી મહિના પ્રમાણે શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષમાં જ્યારે સાંજના સમયે તેરસ તિથિ હોય આ દિવસને પ્રદોષનો દિવસ કહેવામાં આવે છે. શાસ્ત્રી રાજદીપ જોશીના જણાવ્યા પ્રમાણે આની વિગત પંચાંગમાં હોય છે. આ વ્રતમાં આખો દિવસ ઉપવાસ રહેવો અને સાંજના સમયે ખાસ કરીને મહાદેવજીની પૂજા કરવી ઓમ નમઃ શિવાય અથવા મૃત્યુંજય મંત્રના જાપ કરવા આ વ્રત ભાઈઓ તથા બહેનો બંને રહી શકે છે

**દરેક વાર પ્રમાણે પ્રદોષ વ્રતનું મહત્વ**

(૧) રવિવારે આવતું પ્રદોષનું વ્રત કરવાથી આત્મબળ વધે છે. સરકારી નોકરી મેળવવા માટે તથા નોકરીમાં પ્રમોશન માટે રવિ પ્રદોષ કરવું જોઈએ. રવિવારે આવતા પ્રદોષને ભાનુપ્રદોષ કહેવામાં આવે છે.

(૨) સોમવારના દિવસે આવતા પ્રદોષ વ્રત કરવાથી આરોગ્ય સારૂ રહે છે. બીમારી દૂર થાય છે, માનસિક શાંતિની પ્રાપ્તિ થાય છે, ચંદ્રબળ વધે છે, સોમવારે આવતા પ્રદોષને સોમ પ્રદોષ કહેવામાં આવે છે.

(૩) મંગળવારે પ્રદોષ વ્રત. આ દિવસે વ્રત કરવાથી દેવામાંથી મુક્તિ મળે છે. તેમજ આર્થિક સંકટોથી છુટકારો મળે છે. તે ઉપરાંત તેઓને પોતાનું રહેવાનું મકાન ન હોય ભાડે રહેતા હોય તો મકાનની પ્રાપ્તિ થાય છે. જમીન મકાન માટે ભોમ પ્રદોષનું વ્રત રહેવું જોઈએ.

(૪) બુધવારના દિવસે આવતું પ્રદોષ વ્રત કરવાથી બુદ્ધિ શક્તિમાં વધારો થાય છે. વિચાર શક્તિમાં વધારો થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૫) ગુરૂવારના દિવસે પ્રદોષ વ્રત આવે તો તેને કરવાથી જે લોકોને કૌટુંબિક પ્રોબ્લેમ હોય દાંપત્યજીવનમાં પ્રોબ્લેમ હોય તો આ દિવસે પ્રદોષનું વ્રત રહેવું જોઈએ. સંતાન સાથે બનતું હોય તો પણ ગુરૂવારે પ્રદોષ આવતો હોય તે દિવસે વ્રત રહેવું જોઈએ.

(૬) શુક્રવારના દિવસે આવતા પ્રદોષ વ્રત રહેવાથી જે લોકોના વિવાહ ન થતા હોય તો શુક્રવારે પ્રદોષનું વ્રત રહેવું જોઈએ. સંતાન પ્રાપ્તિ માટે પણ આ દિવસે વ્રત રહેવું જોઈએ.

(૭) શનિવારે આવતા પ્રદોષને મંદ પ્રદોષ કહેવામાં આવે છે. આ દિવસે પ્રદોષનું વ્રત રહેવાથી જન્મ કુંડળીમાં શની પીડા શાંત થાય છે પનોતીની પીડા પણ શાંત થાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક્સેલેન્સ કાર્યક્રમ તાલીમની શરૂઆત : બાળકોને સુપોષિત કરવા પ્રયાસ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોરના માર્ગદર્શન હેઠળ દ્વારકા ખાતે સોમવારે એન્થ્રોપોમએટ્રી એકસેલેન્સ પ્રોગ્રામની તાલીમ શરૂ કરવામાં આવી છે. નયારા સપોર્ટેડ પ્રોજેક્ટ તુષ્ટિ અંતર્ગત આઈ.આઈ.પી.એચ. ગાંધીનગર અને જે.એસ.આઈ. આર.ટી. ઈન્ડિયા સંસ્થાઓના સહયોગ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ. કચેરીના સંયુક્ત ઉપક્રમે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં બાળકના કુપોષણ, વજન ઊંચાઈ, વૃધ્ધી માપન, પરામર્શન વિષયો પર સહભાગીઓને પ્રશિક્ષક તાલીમ આપવામાં આવશે. આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફીસર ડો. ચંદ્રેશ ભાંભી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ તાલીમ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદ્બોધન કરતા આ તાલીમ થકી આઈ.સી. ડી.એસ. કર્મચારીઓની કાર્યક્ષમતા વધે, લાભાર્થીઓને વધુ સારી સેવાઓ આપી શકે અને દેવભૂમિ દ્વારકા જિલ્લાને સુપોષીત કરવા માટે સહિયારા પ્રયાસો કરવા જણાવ્યું હતું.

# ઉના તાલુકાના ચાચકવડ ગામે ઈન્ડિયન આર્મીની ટ્રેનિંગ પૂરી કરીને પરત ફરતા પોતાના ગામમાં અનેરૂ સ્વાગત થયેલ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૦

ઈન્ડિયન આર્મીમાં વાળા રાજેશભાઈ કરસનભાઈ નોકરી મળતાની સાથે જ પોતાના માદરે વતન ચાંચકવડ ગામે પરત ફરતા ગામના લોકોમાં ખુશીનો માહોલ છવાય ગયેલ અને જ્યારે ઉષ્માભર્યું સ્વાગત રાખેલ જ્યારે ગામના સરપંચ નારણભાઈ સોલંકી તથા રમેશભાઈ કામલિયા અને વિજાભાઈ રામ જેવા આગેવાનો જોડાયેલ અને આગતા સ્વાગતા સાથે સ્વાગત કરેલ અને ગામના લોકોમાં અને યુવાનોમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો.


## જાહેર નિવિદા

આથી સને ૨૦૨૪-૨૫ ના વર્ષમાં ગીર પશ્ચિમ વિભાગ,જુનાગઢ હેઠળની તાલાલા રેન્જ હેઠળના કાર્યક્ષેત્રમાં વનીકરણ, વનીકરણ સંલગ્ન તથા વન્યપ્રાણી રહેઠાણ સુધારણા વિગેરે કામગીરી કામો માટે ઓફ લાઈન ટેન્ડર મારફત વાર્ષિકભાવો મંગાવવામાં આવે છે.જેથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલ બંધ કવરમાં રૂબરૂ/રજી.એ.ડી.થી ટેન્ડર મગાવવામાં આવે છે.તે અંગેના ટેન્ડર ફોર્મ,ટેન્ડરની શરતો.ભરેલ ટેન્ડરો રજુ કરવા અંગેની સુચનાઓ તથા અન્ય માહિતી તાલાલા રેન્જ કચેરી,મું.તાલાલા ખાતે થી રૂબરૂ મેળવી લેવી.

| | |
|---|---|
| ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ / સમય | તા.૧૨/૧૨/૨૦૨૪ સમયઃ- ૧૧:૦૦ કલાકે (કામકાજના દિવસો દરમ્યાન ) |
| ટેન્ડરફોર્મ ફી (નોનરીફંડેબલ) | રૂા.૧૫૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ ( Deputy Conservator Of Forest Gir West Division Junagadh) નાયબ વન સંરક્ષકશ્રી ગીર પશ્ચિમ વિભાગ જુનાગઢ નાનામનો નોન રીફંડેબલ |
| ઈ.એમ.ડી.ની રકમ | રૂા.૧૦૦૦૦૦/- એફ.ડી.આર. ( Deputy Conservator Of Forest Gir West Division Junagadh) નાયબ વન સંરક્ષકશ્રી ગીર પશ્ચિમ વિભાગ જુનાગઢ ના નામનો |
| ટેન્ડર ભરીને આપવાનું સ્થળ | " વન ભવન" રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, તાલાલા રેન્જ મુ.તાલાલા, તાલાલા-સાસણ મેઈન રોડ જુની તાલુકા પંચાયત પાસે તા.તાલાલા જી.ગીરસોમનાથ |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ / સમય | તા.૨૧/૧૨/૨૦૨૪ ના સમયઃ- ૧૨:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ/સમય/ સ્થળ | તા.૨૧/૧૨/૨૦૨૪ ના સમયઃ-૧૫:૦૦ કલાકે " વન ભવન " મદદનીશ વન સંરક્ષકશ્રીની કચેરી તાલાલા મુ.તાલાલા, તાલાલા-સાસણ મેઈન રોડ મુ.તાલાલા તા.તાલાલા જી.ગીરસોમનાથ |

વધુ માહિતી માટે સંપર્ક

"વન ભવન" રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, તાલાલા રેન્જ મુ.તાલાલા, તાલાલા-સાસણ મેઈન રોડ જુની તાલુકા પંચાયત પાસે તા.તાલાલા જી.ગીરસોમનાથ મો.૮૫૩૦૦ ૯૮૨૦૦ ફોન નં.(૦૨૮૭૭-૨૨૨૬૮૩)

રેન્જ ફોરેસ્ટ ઓફીસર તાલાલા રેન્જ, તાલાલા

માહિતી/જુના/જા.ખ./૭૦૬/૨૪



## :: જાહેર નોટીશ ::

તા.૧૪-૧૧-૨૦૨૪

પ્રતિ,
ગીરીશભાઈ કરશનભાઈ ટીંબાના પ્રોપરાઈટર
શ્રી ગીરીશભાઈ કરશનભાઈ ટીંબા
ઠે.નયન સોસાયટી,ઝાંઝરડા રોડ,(ઓફીસ) રે.જુનાગઢ,તા./જી.જુનાગઢ
ઠે.'અમર દેવીદાસ', શેરીનં.૧૧(ઘર) સાંઈબાબાની મંદિરની બાજુમા,ઝાંઝરડા રોડ,
રે.જુનાગઢ,તા./જી.જુનાગઢ
મો.નં ૯૫૮૬૪૮૮૮૮૯-૯૧૫૭૦૮૮૮૮૯

**બાબત :- બેંકમાંથી પરત ફરેલ ચેકની રકમ રૂા.૨૯,૪૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ ચાલીસ હજાર પુરા ચુકવી આપવા માટે. ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની લીગલ નોટીશ.**

આથી અમો નીચે સહી કરનાર શ્રી અમિત કે.વ્યાસ,બી.એ.એલ.એલ.બી.એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ,ઠે.મામલતદાર ઓફીસ સામે,રે.જામજોધપુર.તે અમારા અસીલ મહાદેવ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર શ્રી રોનકભાઈ શીરીષભાઈવિરમગામા,ઠે.પ્લોટનં.૩/૯,ગ્રાઉન્ડ ફલોર, શેઠવડાળા,તા.જામજોધપુર,જી.જામનગરના કહેવાથી અને સુચનાથી તમોને નીચે મુજબ નોટીશ આપીએ છીએ જેની નોંધ લેશો.

(૧) અમારા અસીલ જામજોધપુર તાલુકાના શેઠવડાળા મુકામે મહાદેવ એન્ટરપ્રાઈઝ નામથી પેઢી ધરાવે છે.અને તે પેઢીને હાથી તથા સિધ્ધી કંપનીની સીમેન્ટની વેચાણ કરવાની ડિલરશીપ મળેલ હોવાથી સીમેન્ટ તથા લોખંડ વગેરે વેચાણ કરવાનો ધંધો કરે છે.

(૨) તમો જુનાગઢ મુકામે તમારી ગીરીશભાઈ કરશનભાઈ ટીંબાના પ્રોપરાઈટર ગીરીશભાઈ કરશનભાઈ ટીંબા તરીકે પેઢી ધરાવો છો.અને સરકારી સંપ હાઉસ વગેરે બનાવવાનો કોન્ટ્રાક રાખો છે. જે પૈકી તમોના જામજોધપુર તાલુકાના ગામોમાં સંપ હાઉસ વગેરે બનાવવાનો કોન્ટ્રાક મળેલ હોવાથી તમો અમારા અસીલ પાસેથી લોખંડ તથા સીમેન્ટ મેળવવા તમોએ અમારા અસીલ સાથે નકકી કરેલ અને તે મુજબ અમારા અસીલ તમોને લોખંડ મોકલાવી આપતાં અને હાથી તથા સિધ્ધી કંપનીની નોન ટ્રેડ સીમેન્ટ આપને ડાયરેકટ મળે તે માટે તમો અમારા અસીલના ગ્રાહક હોવાથી અમારા અસીલની ડિલરશીપ સીમેન્ટ કંપનીમાં હોવાથી કંપનીના નોમ્સ(નિયમ) મુજબ તમોને જેટલો સીમેન્ટ કંપની મોકલાવે તે પહેલા અમારા અસીલને તેમના કંપનીના ખાતામાં રકમ જમા કરાવવાની હોય છે.જે મુજબ કંપનીના ખાતામાં અમારા અસીલ રકમ જમા કરાવતાં હતા અને કંપનીમાંથી જેટલો સીમેન્ટ તમોને મોકલાવામાં આવે તે કંપનીના તમારા ખાતામાં ઉધાર કરવામાં આવે છે.

(૨) કંપનીના ખાતાવહી મુજબ અમારા અસીલે તા.૦૩-૧૨-૨૦૨૨ થી તા.૨૩-૦૧-૨૦૨૩ સુધી કંપનીમાં કુલ રૂા.૨૬,૭૧,૦૦૦/- અંકે રૂપિયા છવ્વીસ લાખ એકોતેર હજાર પુરા જમા કરાવેલ છે.અને તે જમા રકમ પર તમોને તા.૦૪-૧૨-૨૦૨૨ થી તા.૩૦૦૩-૨૦૨૩ સુધી કંપનીમાં કુલ રૂા.૨૬,૭૧,૦૦૦/- અંકે રૂપિયા છવ્વીસ લાખ એકોતેર હજાર પુરાનો તમોને કંપનીએ સીમેન્ટ મોકલાવેલ.

(૩) તમોને અમારા અસીલે જે લોખંડ આપેલ છે.તે અંગે તેમના ખાતામાં તમારી પેઢીનું ખાતુ છે.અને અને તેમાં જે જે વ્યવહાર થયેલ છે.તે બતાવેલ છે.અને તમોએ જે રકમ જમા કરાવેલ છે.તે તમારા ખાતામાં જમા કરેલ છે.અને બાકી રહેતી રકમ પૈકી રૂા.૨૯,૪૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ ચાલીસ હજાર પુરાની રકમ પેટેના તમોએ તમારા કરન્ટ ખાતાના બેંકના એકાઉન્ટમાં પાંચ લાખ ઉપરના ચેક રજુ કરવા માટે બેંકના નિયમ મુજબ લાંબી પ્રોસીજર કરવાની હોવાની તમોએ અમારા અસીલને વાત કરી રૂા.૪,૯૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાના છ ચેક તમોએ અમારા અસીલને આપેલ.અને બાકી જે રકમ વધે તે બે માસ બાદ આપવા જણાવેલ હતું.

(૪) તમોએ તમારી પેઢીનુ ખાતુ જે આઈ.સી.આઈ.સી.આઈ બેંક,બ્રાંચ જુનાગઢ ઝાંઝરડા રોડ પર આવેલ છે જેના ખાતાનં- ૪૨૬૦૦૫૫૦૦૧૪૨ પરના કુલ છ ચેક પૈકી (૧) તા.૨૦-૧૦-૨૦૨૪ના રોજનો ચેકમાં ' ૦૦૦૫૪૮ 'નો રૂા.૪,૯૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાનો (૨) તા.૨૦-૧૦-૨૦૨૪ના રોજનો ચેકનં ' ૦૦૦૫૪૯ 'નો રૂા.૪,૯૦,૦૦૦ અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાનો તથા (૩) તા.૨૦-૧૦-૨૦૨૪ના રોજનો ચેકન ૦૦૦૫૫૦'નો રૂા.૪,૯૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાનો (૪) તા.૨૦-૧૦-૨૦૨૪ના રોજનો ચેકનં '૦૦૦૫૫૧ 'નો રૂા.૪,૯૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાનો (૫) તા.૨૦-૧૦-૨૦૨૪ના રોજનો ચેકનું '૦૦૦૫૫૨ 'નો રૂા.૪,૯૦,૦૦૦ અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાનો તથા (૬) તા.૨૦-૧૦-૨૦૨૪ના રોજનો ચેકન ' ૦૦૦૫૫૩ 'નો રૂા.૪,૯૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ નેવુ હજાર પુરાના ચેક આપેલા.અને તે ચેક આપતી વખતે અમારા અસીલને તેવો વિશ્વાસ આપેલો કે તે ચેકની પુરે પુરી રકમ અમારા અસીલને ચેક બેંકમાં રજુ કર્યેથી તમારા ખાતામાંથી મળી જશે.

(૫) તમોએ આપેલ વિશ્વાસ ઉપર મદાર રાખી અમારા અસીલએ તે ચેકની રકમ તમારી પેઢીના નામના ખાતામાંથી મેળવવા માટે અમારા અસીલે તેમના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકના ખાતાનં-૭૮૦૩૫૩૩૯૪૯૮માં તા.૨૧-૧૦-૨૦૨૪ના રોજ જમા કરાવતા તે ચેકો તમારા ખાતામાં કલીયરીંગમાં જતા તમારા તે બેંકના ખાતામાં પુરતી સિલક ન હોવાથી બેંકે તા.૨૫-૧૦-૨૦૨૪મા રોજ ' ફંડ ઈન્સીફીસીયન્સ' તે પ્રકારના શેરા સાથે રીર્ટન મેમો સાથે તે છ ચેકો અમારા અસીલને પરત મોકલી આપેલો.અને તે રીતે અમારા અસીલને તે છ ચેકોના નાણા મળેલ નથી.અને તે રીતે તમોએ અમારા અસીલને આપેલ વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરી તમોએ અમારા અસીલ સાથે સાપરાધ વિશ્વાસઘાત કરી ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાના પ્રબંધો મુજબ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલો હોય તમો તે કાયદાના પ્રબંધ મુજબ ફોજદારી કાર્યવાહીને પાત્ર થયાં છો.

(૬) તેથી તમારી સામે ફોજદારી કાર્યવાહી કરતાં પહેલાં ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની કલમ-૧૩૮ના પ્રબંધ મુજબ તમોને આ આખરી લીગલ નોટીશ આપવામાં આવે છે.

(૭) વાસ્તે,આ નોટીશથી તમોને છેલ્લી ચેતવણી આપવાની કે આ નોટીશ તમોને મળ્યેથી તમો આપેલ છ ચેકોમાં દર્શાવ્યા મુજબની કુલ રૂા.૨૯,૪૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ ચાલીસ હજાર પુરા આ નોટીસ મળ્યે દિવસ-૧૫માં (પંદર)માં અમારા અસીલને ચુકવી આપી તેમની પાસેથી પહોંચ મેળવી લેશો જો સુચના મુજબ વર્તવામાં તમો કસુર કરશો તો અમારા અસીલને તમારી સામે ઉપરોકત ફોજદારી કાયદાના પ્રબંધો મુજબ હકુમતવાળી ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કેસ દાખલ કરવાની ફરજ પડશે. અને તેમ થતાં થનાર તમામ ખર્ચ તથા પરીણામની સમગ્ર જવાબદારી તમારા શીરે રહેશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

(૮) આ નોટીશ તમારા કશુરને કારણે આપવી પડેલ હોવાથી નોટીશ ખર્ચના રૂા.૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા.તમારા શીરે છે જે અમારા અસીલને અલગથી ચુકવી આપશો.


સ્થળ :-જામજોધપુર
તા : ૧૪-૧૧-૨૦૨૪

**અમિત કે.વ્યાસ તે મહાદેવ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર શ્રી રોનકભાઈ શીરીષભાઈ વિરમગામાના એડવોકેટ**

# જૂનાગઢમાં સીઝનનું સૌથી નીચુ ૧૦.૦૩ અને ગિરનાર પર ૫.૦૩ તાપમાન

## શહેરમાં ૭ કિમીની ઝડપે પવન ફુંકાયો : જૂનાગઢમાં સીઝનની સૌ પ્રથમ શીત લહેર : જનજીવન પ્રભાવિત





જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ અને સોરઠ પંથકમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. સીઝનનું સૌથી નીચુ તાપમાન સૌ પ્રથમવાર આજે જૂનાગઢમાં નોંધાયું હતું. શહેરમાં ૧૦.૦૩ અને ગિરનાર પર ૫.૦૩ તાપમાનને પગલે હાડધ્રુજાવતી ઠંડીનો દોર શરૂ થયો હતો. અને જેને લઈને જનજીવન પ્રભાવિત બન્યું છે.

શિયાળાની શરૂઆત થયા બાદ જૂનાગઢ સ્થિત રાજયભરમાં ઠંડીની લહેર દિવસે દિવસે વધી રહી હતી અને ફુલગુલાબી ઠંડીનો વાયરો ફુંકાયો હતો. આ દરમ્યાન જૂનાગઢ અને સોરઠ પંથકમાં પણ શિયાળાની ઠંડીનો ચમકારો લોકો અનુભવી રહયા હતાં. છેલ્લા એક અઠવાડીયા થયા ઠંડીની તીવ્રતામાં વધારો થઈ રહયો હતો અને જેને લઈને લોકોએ ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવાનાં શરૂ કરી દીધા હતાં તેમજ સાંજનાં સમયે બજારોમાં લોકોની પાંખી અવર જવર જોવા મળતી હતી. દરમ્યાન ગઈકાલે બપોર બાદ ઠંડીની મોસમમાં ખાસ તીવ્રતા શરૂ થઈ હતી અને એકદમ ઠંડીનું આવરણ ઓઢી લીધું હોય તેવો માહોલ સર્જાયો હતો. રાત્રીનાં જ ઠંડા પવનો પણ ફુંકાવા શરૂ થયા હતાં. આજે સત્તાવાર રીતે પ્રાપ્ત થયેલા આંકડા અનુસાર જૂનાગઢ શહેરનું આજે સીઝનનું સૌથી નીચુ તાપમાન ૧૦.૦૩ ડીગ્રી નોંધાયું છે. જયારે ગિરનાર પર્વત પર ૫.૦૩ તાપમાન નોંધાયું છે. કાતિલ ઠંડીનાં આ દોરમાં જૂનાગઢ શહેર અને ભવનાથ વિસ્તાર અને ગિરનાર ક્ષેત્રમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. આગામી દિવસોમાં પણ વધુ ઠંડી પડે તેવી હવામાન વિભાગની આગાહી છે. બીજી તરફ ઠંડીની કાતિલ અસર શરૂ થઈ જતાં તેની અસર જનજીવન તેમજ પશુ-પંખી, પ્રાણીઓમાં પણ પડી છે. જૂનાગઢનાં સકકરબાગમાં પશુ, પંખી અને પ્રાણીઓ માટે ઠંડીની સામે રક્ષણ મેળવવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અને હુફાળુ વાતાવરણ ઉભુ કરવામાં આવેલ છે. જયારે ભવનાથ ક્ષેત્ર અને ગિનાર ક્ષેત્રમાં પણ આજની કાતિલ ઠંડીની અસરમાં પ્રભાવિત બનેલ છે. ગિરનાર અને ભવનાથ ક્ષેત્ર આસ્થાનાં કેન્દ્ર હોય અને ધાર્મિક સ્થળો અહીં ખુબ જ હોય. દૂર-દૂરથી ભાવિકો અને પ્રવાસીઓ અહીં પ્રવાસન માટે આવતા હોય છે ત્યારે આજે કાતિલ ઠંડીનાં માહોલ વચ્ચે પ્રવાસીઓ પણ ઠંડીથી ઠુઠવાયા હતાં. ઠંડીની સામે રક્ષણ મેળવવા માટે ગરમ વસ્ત્રોનું પણ લોકો ઉપયોગ કરી રહયા છે તો બીજી તરફ ઠંડીનાં આ વાતાવરણમાં પંખા, એસી, કુલર જેવા ઉપકરણોનો ઉપયોગ ઘટી ગયો છે. આ ઉપરાંત જૂનાગઢ શહેર અને ભવનાથ વિસ્તારમાં ઠેકઠેકાણે કાવા સેન્ટરો ચાલી રહયા છે જયાં લોકો કાવાની પણ મોજ માણી રહયા છે. તો બીજી તરફ તાપણાની મોસમ પણ પુરબહારમાં ખીલી ઉઠી છે. કાતિલ ઠંડીની ખેડૂતો પણ આતુરતાપુર્વક રાહ જોઈ રહયા હતાં.

# જૂનાગઢમાં જંત્રીનાં વધારાનાં વિરોધમાં કલેકટર અને કમિશ્નરને આવેદનપત્ર અપાયું




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં ગઈકાલે નવી જંત્રીનાં વિરોધમાં ક્રેડાઈ સિવીલ એન્જી. એસો. અને જૂનાગઢ બિલ્ડર એસો. દ્વારા વિસ્તૃત રજુઆત કરી અને મુદત વધારવાની માંગ કરાઈ. રાજ્ય સરકાર દ્વારા જંત્રીના દરમાં કરાયેલા તોતિંગ ભાવ વધારાને લઈ બિલ્ડર એસોસિએશનમાં નારાજગી જોવા મળી રહી છે. જેને લઈ જૂનાગઢ બિલ્ડર એસોસિએશન સિવિલ એન્જિનિયર એસોસીએશન, તેમજ જૂનાગઢ પ્રોપર્ટી કન્સલન્ટ એસોસિએશન દ્વારા કલેક્ટર અને કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યના સર્વાંગી વિકાસમાં બાંધકામ વ્યવસાય સૌથી વધુ પ્રદાન આપતું સેકટર છે જેની સાથે જૂનાગઢની ૨૮૦ થી વધુ નાની મોટી ઈન્ડસ્ટ્રીઝ નભી રહી છે. તેમજ શહેરી વિસ્તારોમાં સૌથી વધુ રોજગારીની તકોનું આ ઈન્ડસ્ટ્રીઝ મુખ્ય કેન્દ્ર છે. જેના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરને રાજ્ય તથા દેશના ગ્રુપ એન્જિન તરીકે ગણવામાં આવે છે. ત્યારે જૂનાગઢ બિલ્ડર એસોસિયેશન ક્રેડાઈ છેલ્લા ઘણા સમયથી બાંધકામ વ્યવસાય માટે કાર્યરત છે. જ્યારે સરકાર દ્વારા કરાયેલા જંત્રીના તોતિંગ ભાવ વધારાનો જૂનાગઢ ક્રેડ્રાઈ વિરોધ કરી રહ્યું છે જેને લઈ આજે જુનાગઢ કલેકટર અને કમિશ્નરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ત્યારે જૂનાગઢ પ્રોપર્ટી કન્સલન્ટ એસોસિએશન દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી કે રાજયના સર્વાંગી વિકાસમાં બાંધકામ વ્યવસાય સૌથી વધુ પ્રદાન આપી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા પહેલેથી જંત્રીના દરમાં દરખમ વધારો કર્યો હોવા છતાં પણ હાલના સમયમાં ૨૦૦%થી ૨૦૦૦ %નો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. સિવિલ એન્જીનીયર એશોએશનના સભ્યો દ્વારા આવેદનપત્ર આપી ગુજરાત સરકારને વાંધા-સુચનો રજુ કરી યોગ્ય સુધારા કરવા માંગણી કરવામાં આવી છે.જેમાં સરકાર દ્વારા સમય મર્યાદા વધારવામાં આવી તેવી માંગ કરવામાં આવી છે. ગુજરાત રાજયમાં સમગ્ર વિસ્તારના વાંધા સુચનો માંગવામાં આવેલ છે. સમગ્ર રાજયના જમીન મિલ્કત ધરાવતા આસામીનોને લગતા આ પ્રશ્ન છે. આવડા મોટા રાજ્યના લોકોના પ્રશ્નો વાંચવા સમજયા અને ઓછામાં ઓછા ૯૦ દિવસની નોટીસ પીરીયડ હોવો જોઈએ.તેથી સિવિલ એન્જીનીયર એસોસિએશન દ્વારા તા.૩૦-૦૩-૨૦૨૫ સુધી મુદત વધારો આપવા માંગણી કરવામાં આવી છે. જૂનાગઢ ક્રેડાયના ચેરમેન નિલેશભાઈ ધુલેશિયાએ જણાવ્યું હતું કે, આજે સિવિલ એન્જિનિયર, બિલ્ડર અને પ્રોપર્ટી કન્સલ્ટ એસોસિએશન દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી જંત્રી મામલે રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા જે હાલના સમયમાં જંત્રીના ભાવમાં વધારો કરવા એક નોટિફિકેશન બહાર પાડવામાં આવી છે. જેની સામે સરકાર દ્વારા વાંધા સુચનો માંગવામાં આવ્યા છે. જેમાં બિલ્ડર એસોસિએશન સિવિલ એન્જિનિયર એસોસીએશન અને પ્રોપર્ટી કન્સલન્ટ દ્વારા ઘણા વાંધા સુચનો પણ રજૂ કરવામાં આવ્યા છે. ક્યારે કલેકટર મારફત મુખ્યમંત્રી સુધી આ રજૂઆત પહોંચે તે માટે કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સરકાર દ્વારા જે જંત્રીનો ભાવ વધારાનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેને લઈ જૂનાગઢ શહેરમાં ચાલતા તમામ બાંધકામોને એક દિવસ માટે બંધ રાખવામાં આવ્યા છે. આ જંત્રીના ભાવ વધારાથી ૪૦ થી ૫૦ ટકા મકાનમાં ભાવ વધારો આવશે. આ તમામ બાબતે છેલ્લે ભોગવવાનો વારો મધ્યમ વર્ગના લોકોનો જ આવશે. આ માત્ર બિલ્ડરો કે એન્જિનિયરનો પ્રશ્ન નથી પરંતુ સામાન્ય જનતા ઉપર આ જંત્રીના ભાવથી વધુ ભારણ આવશે. ત્યારે હાલમાં નક્કી કરાયેલા ભાવ વધારાની જંત્રી લાગુ કરવામાં ન આવે તેને લઈ આજે કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જૂનાગઢ સિવિલ એન્જિનિયર એસોસિયેશન, જૂનાગઢ બિલ્ડર એસોસિયેશન અને જૂનાગઢ પ્રોપર્ટી કન્સલન્ટ એસોસિએશનના દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સરકાર દ્વારા જે જંત્રીમાં વધારો કરવામાં આવ્યો છે તેની અસર બાંધકામ પર શું થવાની છે તેને લઈ આજે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. ગુજરાત રાજ્યમાં જે જંત્રીના ઓનલાઇન કરવામાં આવી છે તે જંત્રી ઓનલાઈન અને ઓફલાઈન બંનેમાં સુવિધા આપવી જોઈએ. સરકાર દ્વારા જે વાંધા સુચનો માટે તારીખ આપવામાં આવી છે તે સમયમાં પણ વધારો કરવો જોઈએ. સામાન્ય પ્રજાને લગતું આ પ્રશ્ન છે ત્યારે આવી લોકોને ઓનલાઈનની ખબર હોતી નથી. ત્યારે ૯૦ દિવસનો સમય કોઈપણ બાબતના વાંધા સુચનો રજૂ કરવા માટેનો હોય છે ત્યારે સરકારને વિનંતી કરવામાં આવે છે કે ૩૦ માર્ચ ૨૦૨૫ સુધી વાંધા સુચનો રજૂ કરવા માટેના સમયમાં વધારો કરવામાં આવે તેવી રજુઆત કરાઈ હતી.

# જૂનાગઢ-રાજકોટ રૂટની મીની બસના ડ્રાઈવરની ફરજમાં રૂકાવટ કરી માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ-રાજકોટ રૂટની મીની બસના ડ્રાઈવરની ફરજમાં રૂકાવટ કરી અને માર માર્યાનો બનાવ પોલીસ દફતરે નંધાયો છે. કુકાવાવ તાલુકાના વડીયા ગામના હરેશભાઈ અરજણભાઈ ભેડા(ઉ.વ.૪૫) ધંધો એસટી ડ્રાઈવરએ એક્ટિવા નંબર જીજે-૧૧-બીએલ-૦૭૫૩ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદ કન્ડકટર કૈલાશભાઈ અઘેરા બંને જૂનાગઢ રાજકોટ રૂટ મીની બસ નંબર જીજે-૧૮-વાય-૯૪૩૫ જૂનાગઢ બસ સ્ટેન્ડ એક બહેન બસમાં બેસેલ અને વધારે પેસેન્જર હોય જેથી પરત ઉતરી ગયેલ જે વાતનું મનદુઃખ રાખી એક અજાણ્યો એકટીવાના નં.જીજે-૧૧-બીએલ-૦૭૫૩ના ચાલક અમારી બસ પાછળ આવી બસ રોકાવી ફરિયાદીને કહેવા લાગેલ કે તમારી બસમાં મફતમાં બેસવું નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગાળો બોલી ફરિયાદીને મોઢાના ભાગે મુક્કા મારી તેમજ હાથમાં ખંભામાં ઢીકાપાટુનો માર મારી ફરિયાદીની કાયદેસરની ફરજ દરમ્યાન ફરજમાં રૂકાવટ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. આ બનાવ રેલ્વે ફાટક નજીક અમર મેડિકલ સ્ટોર પાસે બન્યો છે અને પોલીસ ફરિયાદના આધારે પોલીસે એક્ટિવાના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.કે. મહેતા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં મકાનનો દરવાજો તોડી એપ્લેફાયરની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં મધુરમ બાયપાસ પાસે મંગલધામ-૨ મંગલેશ્વર મંદિરની બાજુમાં રહેતા નિલેશભાઈ ઈશ્વરદાસ હરીયાણી ધંધો સાઉન્ડ સિસ્ટમ વાળાએ અજાણ્યા ચોર ઈસમો સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આકામના ફરિયાદીના ભાડે રાખેલ મકાનનો દરવાજો તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ગેરકાયદેસર પ્રવેશ કરી મકાનના રૂમમાં રાખેલ સાઉન્ડ સિસ્ટમમાં વપરાતા પાવર(એપ્લીફાયર) અને ડીજે મિક્ષર જેની બંનેની અંદાજીત કિ.રૂા.૬૦૦૦૦ની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ સંસ્કાર કેન્દ્ર વાડી, જૂનાગઢ ખાતે જ્ઞાતિજનોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ભાગવતાચાર્ય ડો.મહાદેવપ્રસાદ મહેતાના સત્સંગનો લાભ મળ્યો






જૂનાગઢ, તા.૧૧

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ભાગવતાચાર્ય ડો.મહાદેવ પ્રસાદ મહેતા તા.૭/૧૨/૨૦૨૪ ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ સંસ્કાર કેન્દ્ર વાડી, જૂનાગઢ ખાતે પધારી ઉપસ્થિત જ્ઞાતિજનોને અનેરા સત્સંગ સભા નો લાભ મળવાથી જ્ઞાતિજનો એ ખુશી ની લાગણી વ્યક્ત કરી હતી.

ડો.મહાદેવભાઈ મહેતા જ્યારે વાડીમાં પધારેલ ત્યારે ઢોલ ના સથવારે તેમના ચરણોમાં ફૂલો વેરી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ શાલ અને હાર તથા પુષ્પ ગુચ્છ દ્વારા ટ્રસ્ટી મંડળના સભ્યોએ સ્વાગત કરેલ ત્યાર પછી ડૉ.મહાદેવભાઈ એ સંસ્કૃતમાં શ્રૂલોક બોલી તેનું સુંદર મજાનું વર્ણન કર્યું હતું અને વાડીના વખાણ સાથે શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ ના પણ વખાણ કરતા જણાવ્યું હતું કે, આ સમાજે આખાં જગત ને એક મહાન વિભૂતિ ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા "ભાઈશ્રી," આપેલ છે, તથા જેમ સ્ત્રીઓને નાક ની નથડી નું મહત્વ હોય છે તેમ સમસ્ત બ્રહ્મસમાજ માં શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ નું મહત્વ છે. આ તકે જાણીતા રંગ રસાયણ ના વેપારી હરીશભાઈ વસંતરાય ઓઝા, મુકેશભાઈ મહેતા, નરેન્દ્રભાઈ દવે, ડો. વિપુલભાઈ મહેતા, નવનીતભાઈ મહેતા, રંજનબેન ઓઝા, વત્સલાબેન દવે વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ટ્રસ્ટી મંડળ એ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ સત્સંગ સભા નું સફળ સંચાલન ભરતભાઈ મેસીયા કરી ડો.મહાદેવભાઈને પ્રભાવિત કરી દીધા હતા. છેલ્લે ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો એ અલ્પાહાર નો લાભ લઈ છુટા પડ્યા હતાં તેમ સંસ્થાના મંત્રી હિતેશભાઈ મોં.મહેતાએ એક યાદીમાં જણાવેલ છે.


## સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો
સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ
લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ
કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા
સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે,
જૂનાગઢ

મો.૯૩૭૬૬૦૫૫૬૨



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

